પ્રકાશિત દર માસની ૧૦ તારીખે
વાર્ષિક લવાજમ રૂ. ૫૦/-

# હરિભાવ

વર્ષ : ૧૮ - અંક - ૧૧

ઑગસ્ટ, ૨૦૧૪



મારા ગુરુમહારાજ પાસે પહેલવહેલો હું ગયેલો ત્યારે સ્મરણ, પ્રાર્થના, ભજનકીર્તન, નિવેદન તેમ જ અભય, નમ્રતા, મૌન, એકાંત વગેરે સાધનો મારાથી શી રીતે થશે, એ તો અશક્ય છે એ વિચારે હું નિરાશ થઈ ગયેલો.

ત્યારે ગુરુમહારાજે કહેલું, 'મારામાં તારું ચિત્ત લગાડજે અને મને સામે ને સામે ધાર્યા કરજે, પછીથી તો કોઈ સાધન નહિ કરે તોપણ ચાલશે - જા.'

- શ્રીમોટા

'તદ્રૂપ સર્વરૂપ', પ્ર. આ., પૃ.૨૨



શ્રીસદ્‌ગુરુને મારામાં જીવતો કરી દેવા શરૂમાં કલ્પનાની મદદથી એનો જે આકાર હતો, તે પચાસ, સાઠ, સિત્તેર, સોવાર રોજ સામે ને સામે રાખ્યા કરું. એમ કરતાં કરતાં સવા વર્ષે એ અખંડ થઈ શક્યા !

\- શ્રીમોટા

'તદ્રૂપ સર્વરૂપ', પ્ર. આ., પૃ. ૨૩

રજિ. ઑફિસ :
બી/૫, સ્વસ્તિક એપાર્ટમેન્ટ, નારાયણનગર,
પાલડી, અમદાવાદ-૩૮૦૦૦૭
ફોન : (૦૭૯) ૨૬૬૨૦૭૫૪

'હરિવાણી ટ્રસ્ટ' દ્વારા પ્રકાશિત જીવનવિકાસની ભાવના પ્રસારતું માસિકપત્ર

# હરિભાવ

સંપાદક : પ્રભુદાસ જાની
સહાયક : વિવેક દેસાઈ

વર્ષ : ૧૮ અંક : ૧૧ ઑગસ્ટ, ૨૦૧૪

ટ્રસ્ટીમંડળ
શ્રી ગિરીશ પંડ્યા (મૅનેજિંગ ટ્રસ્ટી)
શ્રી પ્રભુદાસ જાની
શ્રી વિવેક દેસાઈ
શ્રી બીરેન પટેલ
શ્રીમતી દર્શિની સુનીલ ઉપાધ્યાય
શ્રીમતી નીમા મીનેષ અમીન

**પૂછપરછ : સંપર્ક : ૧૧-૦૦ થી ૬-૦૦ સુધી**
**શ્રી સુરેશ વૉરા (મો.) ૯૪૨૭૫૫૪૩૯૧**

**લવાજમ**

| | ભારત | પરદેશ (ઍરમેઈલથી) |
|---|---|---|
| વાર્ષિક : | રૂ. ૫૦/- | રૂ. ૬૦૦/- |
| આજીવન : | રૂ. ૫૦૦/- | રૂ. ૬૦૦૦/- |

**પત્રવ્યવહાર/લવાજમ/ભેટ/મોકલવા માટે**
'હરિવાણી ટ્રસ્ટ'
૧૧, દાદા રોકડનાથ સોસાયટી,
નારાયણનગર, છેલ્લા બસ સ્ટૅન્ડ પાસે,
પાલડી, અમદાવાદ-૩૮૦૦૦૭
ફોન : (૦૭૯)૨૬૬૩૫૮૭૩
ભેટની રકમ ઈન્કમટૅક્સ ઍક્ટની
કલમ ૮૦(જી) (૫) નીચે કરરાહતને પાત્ર છે.
ચેક/ડીડી 'હરિવાણી ટ્રસ્ટ' ના નામે લખવો

**ઈ-બૅંકિંગ : હરિવાણી ટ્રસ્ટ**
બચત ખાતા નં.: ૧૬૮૭૦૧૦૦૦૦૩૦૮૮
યૂકો બૅંક, નારાયણનગર બ્રાંચ, અમદાવાદ.
IFS Code : UCBA0001687
બૅંક દ્વારા રકમ મોકલતાં તેની સ્લીપ, નામ, સરનામું અને ફોન નંબર સાથે વિગત અમોને મોકલશોજી

હરિઃૐ આશ્રમ, સુરત ફોન : (૦૨૬૧) ૨૭૬૫૫૬૪

ટાઈપ સેટિંગ : **અર્થ કૉમ્પ્યુટર**, (૦૭૯)૨૭૫૪૩૬૯૯

* Subject to Ahmedabad Jurisdiction

## અનુક્રમ

૧. ભગવાનની અવતરણની તૈયારી થઈ છે ......... શ્રીમોટા ૪
૨. શ્રીગુરુદેવને અરજ .................... પુષ્પાબહેન દલાલ ૫
૩. મૌનરૂમમાં મારો પ્રથમ પ્રયોગ ........... ડૉ. રમેશ ભટ્ટ ૬
૪. સંતનાં દુર્ગમ વર્તન ........................ શ્રી નંદુભાઈ ૧૧
૫. પ્રેરક વિભૂતિ મહાત્મા ગાંધી (૧૧) ............ શ્રીમોટા ૧૨
૬. 'ભગતમાં ભગવાન'ના પ્રકાશનની પૂર્વ ભૂમિકા ........................... પ્રભુદાસ જાની ૧૩
૭. ખુદાના ખેપિયાનો સંદેશ ................ રજનીકાંત પટેલ ૧૬
૮. મારી માના દેહાંત અને પુનર્જન્મની વાત ....... શ્રીમોટા ૧૭
૯. દૃષ્ટાંત કથા ........................ સ્વામી પ્રકાશાનંદજી ૧૯
૧૦. ચિંતન કણિકા ................. પંન્યાસ મહાબોધિવિજય ૨૧
૧૧. વિચારોની સાંકળ ના જોડો .................... શ્રીમોટા ૨૨
૧૨. સ્વપ્નકથા-કથન-શ્રીસાંઈ ..................... હેમાડ પંત ૨૩
૧૩. માળા : કંઠી ....................... શ્રી પાંડુરંગ આઠવલે ૨૫
૧૪. કર્મની કચાશ નામસ્મરણથી દૂર થશે ........... વિનોબા ૨૬

## જ્ઞાનદાન

પૂજ્ય શ્રીમોટાના સ્વજન એવાં સદ્ગત માતુશ્રી **સવિતાબહેન ઈંદ્રવદનભાઈ લેખડીઆ**ના સ્મરણાર્થે 'હરિભાવ'ના આ અંકના પ્રકાશનમાં અમોને અમદાવાદના **લેખડીઆ ચૅરિટેબલ ટ્રસ્ટ પરિવાર** તરફથી સહયોગ અપાયો છે, તે બદલ એ પરિવારના અમો ખૂબ ખૂબ આભારી છીએ.

**-સંપાદક**

# (૧) ભગવાનના અવતરણની તૈયારી થઈ રહી છે

**શ્રીમોટા**

પહેલાંના જમાના કરતાં હાલનો કાળ વધારે મહત્ત્વનો છે, કેમ કે અમારા જમાનામાં બાળકોનું સાત આઠ વર્ષનું-પાંચ છ વર્ષનું જીવન અને હાલનાં છોકરાંઓનું જીવન મને બુદ્ધિમાં બહુ આગળ વધી રહેલું લાગે છે. બુદ્ધિમાં અને સમજણમાં વધારે લાગે છે. એનું કારણ મને લાગે છે કે આ સૂર્યનારાયણની ઉદયવર્તમાન દિશા થઈ છે તેનો પ્રભાવ છે. આ તો પછી અતિશયોક્તિભર્યું હોય કે ગમે તેમ હોય પણ મને આ બધાં કારણો લાગે છે. **ભગવાનના અવતરણની તૈયારી થઈ છે.** આ જમાનામાં પહેલાંના કરતાં વધુ અનુભવી પુરુષો થવાના. આપણા હિંદુસ્તાનમાં જ નહિ, પણ દુનિયામાં થવાના.

બીજું પણ એક કારણ છે કે દરેક દેશનો સમાજ સ્ટ્રગલ-મનોમંથન કરતો થયો છે. દરેક દેશનો સમાજ પહેલાંના કરતાં પોતાની પ્રગતિ માટે વિચાર કરતો થયો છે. વ્યક્તિગત રીતે નહિ હોય પણ સમગ્રતાથી વિચારીએ તો આવું છે ખરું.

મને એક બીજું કારણ પણ એમ લાગેલું છે કે આપણા પૃથ્વીના દેશોની અંદર કેટલાક દેશો ચેતનના અનુભવ માટે તત્પરતાવાળા તૈયાર થયેલા છે. ૧૯૧૪ની વર્લ્ડ વૉર વખતે જર્મનીની જે દશા હતી તેમાંથી તેને બેઠા થતાં જે વર્ષો લાગેલાં તેના કરતાં આ વખતે જાપાન બહુ થોડા કાળમાં ઊભું થઈ ગયેલું ગણાય. આપણો ભારત દેશ એવી તૈયારીવાળો નથી. બહુ તમસ છે. ચેતનનું અવતરણ આકાશ, તેજ અને વાયુમાં થયું છે. હજુ જળ અને પૃથ્વીમાં થયું નથી. જ્યારે એમ થાય ત્યારે આપણા શરીરનું આખું બંધારણ બદલાઈ જાય. રોગ વગેરે નહિ હોય. આપણા સમાજમાં ઘોર તામસ છે-જડતા છે. તે માટે હું કહું છું કે અમારા દેશમાં ઊથલપાથલ થવાની છે. અંધાધૂંધી થશે. સંગ્રામ આપણને સજ્જ કરાવશે. એ વિના આપણે તૈયાર નહિ થઈએ.

ભગવાનના અવતરણ માટેની ભૂમિકાવાળા હાલ તો જર્મની અને જાપાન છે. રશિયા અને ચીનમાં નથી લાગતું, કારણ કે આખી સંસ્કૃતિ રાગદ્વેષની ભૂમિકામાંથી જન્મી છે. તે સંસ્કૃતિ લાંબો ગાળો નહિ ચાલે. ખલાસ થઈ જાય. કેટલાંક હિટલરને વખોડે છે પણ એ તો પોતાના દેશને જગાડવા માટે આવેલો. આ ઉપરાંત, બીજું એક લક્ષણ છે સાહિત્યનાં ક્ષેત્રે સર્જન. મને એનું જ્ઞાન-જાણકારી નથી પણ એ હોય ખરું. મને તલસ્પર્શી જ્ઞાન નથી પણ અમેરિકાને દેશ માટે એટલી લાગણી નથી જેટલી જર્મની-જાપાનની છે. ઇંગ્લેંડમાં પણ નથી.

આપણી ગીતામાં સંગ્રામની ભૂમિ પર જ્ઞાન આપવામાં આવ્યું છે. સંગ્રામ થયા વિના પ્રજા તૈયાર નહિ થાય. કાળ આપણને કરાવશે. કાળ કહેશે કે સજ્જ થાવ, સજ્જ થવા, સજ્જ થાવ નહિતર મરી જશો. એટલે આપણા દેશને માટે-સમાજને માટે સંગ્રામ અનિવાર્ય છે. એ સિવાય આપણે તૈયાર નહિ થઈએ. અંધાધૂંધી-ઊથલપાથલ થશે એમાંથી આપણા સમાજનું સામર્થ્ય થશે અને પછી ભગવાનના અવતરણ માટેની ભૂમિકા તૈયાર થાય. અત્યારે તો નથી ભૂગર્ભમાં તો તૈયારી થઈ રહી છે ખરી પણ આપણે એ જાણતાં નથી.

'શેષ વિશેષ', પ્ર. આ., પૃ. ૪૭ ❑

## (૨) શ્રીગુરુદેવને અરજ

**પુષ્પાબહેન દલાલ**

*(પૂજ્ય શ્રીમોટાના સ્વજન સદ્‌ગત શ્રી પુષ્પાબહેન દલાલ દ્વારા શ્રીગુરુચરણે પ્રાર્થનારૂપે જે ભજનો રચાયાં હતાં, તે ડાયરીની ઝેરોક્ષ સદ્‌ગતનાં દીકરી શ્રીમતી લતાબહેન અનિલભાઈ શાહ, મુંબઈ દ્વારા અમોને મળેલ છે. તે ડાયરીમાંથી આ ભજન લેવાયેલ છે. શ્રીમતી લતાબહેનનો અમો ખૂબ ખૂબ આભાર માનીએ છીએ. -સંપાદક)*

(વસંતતિલકા)

(૧)

આસક્તિ મોહ મમતા મનમાં ભરેલાં,
ને દ્વેષ ક્લેશ કલહો દિલમાં ઠરેલાં,
કેવા ભર્યા અવગુણો મુજ ચિત્ત ભારી,
શુદ્ધિ કરો જીવનની ગુરુદેવ મારી.

(૨)

ખીણો સમાં અતલ છે મનના ઊંડાણો,
ટાળી બધા હૃદય બુદ્ધિતણા વિલાસો,
ને થનગનાટ મુજ ચિત્તતણો શમાવી,
શુદ્ધિ કરો જીવનની ગુરુદેવ મારી.

(૩)

કૈં કાળથી પડી રહી મુજ કામનાનું
-છે મૂળ ક્યાં ! મુજમહીં પ્રભુ હું ન જાણું,
એણે હરી જીવનની મુજ શક્તિ સારી
શુદ્ધિ કરો જીવનની ગુરુદેવ મારી.

(૪)

લાગે મને ક્ષણિક રે મુજ શ્રેય સારું,
એથી અધિક દીસતું મુજ પ્રેય પ્યારું,
પોકારતી પ્રભુ હવે તુજ હાથ દોરી,
શુદ્ધિ કરો જીવનની ગુરુદેવ મારી.

(૫)

અંગો થયાં શિથિલ ને વળી કેશ ધોળા,
છૂટ્યાં નહિ હજુ સુધી મુજ મોહ માયા,
થાતી અમૂંઝણ હવે મુજને નિહાળી,
શુદ્ધિ કરો જીવનની ગુરુદેવ મારી.

(૬)

સાચો પ્રવાસ કરવા તુજ સ્હાય માગું,
તારા પ્રકાશથી પ્રભો મુજ માર્ગ કાપું,
તું તો બચાવ કરુણાળુ મલિનતાથી
શુદ્ધિ કરો જીવનની ગુરુદેવ મારી.

(૭)

સૂઝે નહિ દિશ હજુય મદાંધતાથી,
નિહાળતી જીવનખેલ હું નેત્ર મીંચી,
આંધી ચઢી જીવનનાશ પમાડનારી,
શુદ્ધિ કરો જીવનની ગુરુદેવ મારી.

(૮)

તું નેત્રદાન કરજે કરુણા કૃપાળુ,
તારાં કૃપાબળ વડે નવજન્મ પામું,
હું અંતરે ગ્રહી રહું તુજ પ્રેમવારિ,
શુદ્ધિ કરો જીવનની ગુરુદેવ મારી.

તા. ૩-૨-૧૯૬૫ ❑

**અગત્યનો સુધારો**

હરિઃૐ આશ્રમ, સુરતના ઈમેઈલ અને વેબસાઈટ એડ્રેસની વિગતો માહે જૂન, ૨૦૧૪ના હરિભાવના અંકમાં પાન નં. ૮ ઉપર પ્રકાશિત થયેલ છે તેમાં બંનેની વિગતમાં ભૂલ છે.

સાચી વિગત મુજબ ઈમેલ એડ્રેસ Email : hariommota1@gmail.com છે અને
વેબસાઈટ એડ્રેસ www.hariommota.org છે.

## (૩) મૌનરૂમમાં મારો પ્રથમ પ્રયોગ

ડૉ. રમેશ મ. ભટ્ટ

૧૯૬૬નું વર્ષ નોંધપાત્ર વર્ષ હતું. એ વખતે સાહિત્ય પરિષદનું સંમેલન સુરતમાં મળવાનું હતું. ૨૮મી ડિસેમ્બરનો એ દિવસ હતો. સંમેલનના આ સમારંભમાં મોટા, હાજરી આપવાના હતા. સંમેલનના એક મહિના પહેલાં મને એકાએક વિચાર આવ્યો કે સુરતના હરિઃૐ આશ્રમમાં પ્રયોગ ખાતર ત્રણેક દિવસ મૌનએકાંતના ઓરડામાં બેસવું અને પોંડિચેરીના શ્રીમાતાજીનું ધ્યાન-પ્રાર્થના અને નૂતના ગાયત્રીના જપ કરવા. મારા જીવનમાં શાંતિ અનુભવવા માટે મારે કોઈ ગુરુ માનવા જોઈએ એવો વિચાર મને નહિ આવેલો, પરંતુ શ્રીઅરવિંદનો ફોટો ગુરુ જેવો લાગતો હતો અને એમનો તથા શ્રીમાતાજીનો ફોટો મને ગમતો હતો. મેં, નંદુભાઈને પત્રથી પુછાવ્યું કે 'સાહિત્ય પરિષદનું સંમેલન પૂરું થાય તે દિવસે સાંજે હું, હરિઃૐ આશ્રમે આવું અને ત્રણ દિવસ મૌનએકાંતમાં બેસું એવી વ્યવસ્થા બની શકશે ?' નંદુભાઈનો પત્ર આવ્યો કે 'કર્ણિક સાહેબનું મૌન નોંધાયેલું હતું જ, પરંતુ એ ત્રણ દિવસ મોડા આવવાના છે, એથી તમને એ ત્રણ દિવસ ફાળવી શકાશે. તમે સાહિત્ય પરિષદના સંમેલનમાંથી અમારી સાથે જ ગાડીમાં આશ્રમે આવશો તો અનુકૂળતા રહેશે.' મને આવો અનુકૂળ સંયોગ મળ્યો, એથી ખુશી ઊપજી. પણ મારી માન્યતાઓ વિશે મારે નંદુભાઈને સ્પષ્ટતા કરી લેવી જોઈએ એમ માનીને **મેં જણાવ્યું કે 'હું કોઈ જીવતી વ્યક્તિને ગુરુ માનતો નથી, માની શકું એમ પણ નથી.** એવું હોવાથી હું કોઈ ગુરુમંત્ર પણ સ્વીકારી શકું એમ નથી. જો આશ્રમના મૌન માટે અમુક જ માનવું કે કરવું એવો જ કડક નિયમ હોય તો ફરીથી વિચારું. હું, શ્રીમાતાજી પ્રત્યે પૂજ્યભાવ ધરાવું છું. એમને મેં જોયાં નથી, મળ્યો નથી છતાં કોઈ કટોકટીની પળે એમના શબ્દોએ મને શાંત કરેલો, એથી એમની યાદ મને રહ્યા કરે છે.' આ મતલબની જાણ કરી. એના જવાબરૂપે નંદુભાઈએ લખેલું કે **મૌનરૂમ**માં **તમને યોગ્ય લાગે તેમ કરવાની પૂરતી સ્વતંત્રતા છે. નંદુભાઈના દરેક પત્રમાં છેલ્લું વાક્ય એ હોય જ કે 'પૂજ્યશ્રીએ તમને યાદ કર્યા છે.'**

તા. ૨૮મી ડિસેમ્બરના દિવસે સાંજે સંમેલનની જાહેર બેઠક હતી. બે દિવસથી સંમેલનની કાર્યવાહીનો સમય લંબાયે જતો હતો. એ દિવસે સભા નિશ્ચિત સમયે શરૂ થાય એવી શક્યતા ન હતી. નંદુભાઈએ મને પત્રમાં 'નિશ્ચિત સમય કરતાં દસ-પંદર મિનિટ વહેલા શ્રીમોટાની સાથે સભાસ્થાને આવી પહોંચશે' એમ જણાવેલું. સભામંડપમાં સાહિત્યકારો, સાહિત્યપ્રેમીઓ તથા સાહિત્યરસિકો પૂરતા પ્રમાણમાં હાજર ન હતા. સ્ટેજ ઉપર ખુરશીઓ ગોઠવાયેલી હતી, પરંતુ હોદ્દેદારો આવ્યા ન હતા. એ વાતાવરણમાં એક એમ્બેસેડર ગાડી આવી પહોંચી. માથા ઉપર ફેંટો વીંટેલ, ખભા ઉપર ખેસ નાખેલ અને દક્ષિણ ભારતમાં પહેરાય એવી કિનારવાળી ખાદીની લુંગી પહેરેલ ઉઘાડા શરીરવાળી વ્યક્તિ ગાડીની આગળની બેઠકનું બારણું ખૂલતાં જ નીચે ઊતરી. દોઢ વર્ષ પહેલાં સૂતેલી સ્થિતિમાં જોયેલ મોટાને પહેલી જ વાર ઊભા રહેલા જોયા. કમર ઉપર મોટો પટ્ટો બાંધેલો હતો. કરોડરજ્જુના મણકા ખસી ગયા હતા એમ જાણવા મળેલું. અત્યંત વિચિત્ર પોષાકમાં પણ આ વ્યક્તિ એ વખતે મને સોહામણી લાગી. એમના માટે નિશ્ચિત કરાયેલ બેઠકમાં એમને

બેસાડ્યા. એમની પાછળ ગોઠવેલી બે ખુરશીમાંથી એક ખુરશીમાં નંદુભાઈ બેઠા. મંડપમાં જૂજ વ્યક્તિઓ અને સ્ટેજ ઉપર તો કોઈ જ નહિ છતાં ક્ષોભરહિત સ્થિતિમાં મોટાને બેઠેલા જોયા. મોટા આવી પહોંચ્યા છે એવી ખબર પ્રસરતાં બધા ઝડપથી ગોઠવાઈ ગયા. થોડીક વારમાં જ સભામંડપ પણ ભરાઈ ગયો. નિશ્ચિત સમય કરતાં લગભગ અડધો કલાક મોડું થયેલું. બે પ્રવચનો થયાં હશે ત્યાં જ મોટાએ પાછા વળીને નંદુભાઈને જણાવ્યું કે 'આપણો આશ્રમે જવાનો સમય થઈ ગયો છે.' એથી સાહિત્યકાર વક્તાનું પ્રવચન પૂરું થતાં જ મોટા તો ઝડપથી ખુરશીમાંથી ઊભા થઈ ગયા. જરાપણ ક્ષોભ પામ્યા વિના બે હાથ જોડીને ખુરશીઓમાં ગોઠવાયેલા વિદ્વાનોને કહ્યું, 'માફ કરજો સાહેબો, અમારો સમય પૂરો થયો છે. એથી અમે રજા લઈએ છીએ.'

મોટાના આ વહેવારે સૌને આશ્ચર્યમાં ડુબાડેલા. હું પણ મારી બૅગ તૈયાર રાખીને બેઠેલો. મેં મારો આશ્રમ રોકાણનો કાર્યક્રમ યશવંતભાઈને અગાઉથી જણાવી રાખેલો. કોઈકે કહ્યું, 'મોટા, થોડીક વાર થોભો. આપને પુષ્પહાર અર્પણ કરી લઈએ.' મોટાએ કહ્યું, 'એ બધું પહોંચી ગયું. આપની કાર્યવાહી આપ ચાલુ રાખો.'

એમ કહીને ખુરશી ખસેડીને મોટા સ્ટેજ ઉપરના પાછળના રસ્તે આગળ ચાલ્યા. ત્યાં ઊતરવાના બે પગથિયાં હતાં. **મોટા થોભ્યા અને મારા તરફ નજર કરીને બોલ્યા, 'સાહેબ, તમારો ટેકો મને આપશો ?'**

હું સહેજ નમ્યો. મોટાએ મને ડોક ઉપર વીંટતો હાથ મૂક્યો અને ધીમેથી બે પગથિયાં ઊતરી ગયા. બે ડગલાં આગળ ગયા ત્યાં એક યુવાન પોતાની પાસેની હસ્તાક્ષર સંગ્રહની ડાયરી ખોલીને મોટા પાસે હસ્તાક્ષર કરાવવા પેન ખોલીને ઊભો રહ્યો. મોટાએ પૂછ્યું, 'ભાઈ, હસ્તાક્ષર લઈને તું શું કરીશ ?' 'મોટા માણસોના હસ્તાક્ષરો-એમની સહી સંઘરવાનો મારો શોખ છે. 'આવા હેતુ વિનાના શોખ તો ઘેલછા કહેવાય !' મને એમ થયું કે સહી કરી આપવી એ તો એક ગૌરવ છે. સાહિત્યકારો કંઈક મોટું કાર્ય આચરતા હોય એવા ભાવથી સંદેશો લખી આપીને સહી કરી આપતા હોય છે અને આવા કાર્યનું ગૌરવ અનુભવતા હોય છે. મોટાની વાત મને જરા વિચિત્ર લાગતી હતી. આમ છતાં પેલા યુવાને વધારે વિનંતી અને આજીજીભર્યો આગ્રહ ચાલુ રાખ્યો ત્યારે મોટાએ કહ્યું, 'પાંચ રૂપિયા આપે તો લખી આપું. અમારા રોટલા નીકળે !'

આ સાંભળીને મારા અચરજનો પાર ના રહ્યો. પેલો યુવાન તો સહી લીધા વિના વિદાય થઈ ગયો. મોટા, ગાડીમાં ડ્રાઇવરની બાજુની બેઠક ઉપર ગોઠવાયા અને મને એમની બાજુમાં બેસવા જણાવ્યું. પાછળની બેઠક ખાલી હતી. માત્ર નંદુભાઈ જ હતા. મેં પણ કશી આનાકાની કે વિવેક ના કર્યો. થોડીક સંકડાશ અનુભવાતી હતી અને હું થોડોક સંકોચ પણ અનુભવતો હતો. મોટાએ મારા ખભા ફરતો હાથ વીંટ્યો. સંમેલનના સ્થળથી આશ્રમ થોડો દૂર હતો. ગાડી ઊપડતાં જ મોટાએ મને પૂછ્યું, 'તમે કૉલેજમાં શું ભણાવો છો ?'

મોટાના આ એક જ પ્રશ્નથી મારું પ્રવચન ચાલુ થયું. મેં કેટલું વાંચ્યું છે, હું કયાં પુસ્તકો શીખવું છું, કેવી રીતે શીખવું છું, પુસ્તકનું તાત્પર્ય શું હોય, એ કેવી રીતે સમજાવું છું, ગાંધીજીના 'દક્ષિણ આફ્રિકાના સત્યાગ્રહનો ઇતિહાસ' અને 'આત્મકથા' મેં શીખવી છે. કવિતામાં શબ્દની શક્તિ, રસ વગેરે શું-આ બધું જ મેં તો કહ્યે રાખ્યું. મોટાના સામું જોઉં, મોટા મારા સામું જુએ અને હું બોલ્યા જ કરતો હતો. મને એમ હતું કે મારામાં જે કંઈ

છે એનો પ્રભાવ હું પાડું. **ખરેખર તો મારામાં વિદ્વત્તા ન હતી, પણ એનો ડોળ હતો, દંભ હતો. પણ એ વખતે તો એ જ રીત મને યોગ્ય લાગતી હતી.** આશ્રમ સુધી આવતાં મેં જ બોલ્યે રાખ્યું હતું. ડિસેમ્બર મહિનો હોવાથી અંધારું વહેલું થયેલું. સાંજે સાતેક વાગતાં અમે આશ્રમે આવી ગયા.

અમારા માટે જમવાનું રાખેલું. અમે હાથ, પગ, મોં ધોઈને રસોડામાં જમવા માટે ગયા. મારે તથા મોટાને જ જમવાનું હતું. નંદુભાઈ જમવાના ન હતા. બંને જણે 'સહનાવવતુ'ની પ્રાર્થના કરી અને જમવાનું શરૂ કર્યું. **જમવામાં બાજરીના જાડા રોટલા, શાક અને દૂધ હતાં. મોટાએ મને પૂછ્યું, 'સાહેબ, અમારા ગરીબ લોકનું ખાવાનું ફાવશેને ?'**

મોટાના શબ્દો એવા પ્રેમથી સભર હતા કે જે આજ સુધી વીસરાતા નથી. એ ભાવ પણ હજી હૃદયમાં અનુભવાય છે. એ પછી એમણે પોતાના માટેની દૂધની વાડકીમાં દૂધની મલાઈ જામેલી એ મારી થાળીમાંના રોટલા ઉપર લેવા કહ્યું. રોટલા ઉપર ઘી ન હતું. બાજરીના રોટલા ઉપર મલાઈ લઈને મેં રોટલો ક્યારેય ખાધેલો નહિ, પણ એ સાંજના વાળુની મીઠાશ હજીય વીસરાઈ નથી. એમ થયા કરતું હતું કે આ વ્યક્તિ કોણ છે ? બધાં એમને પગે લાગે છે.

એ પછી મૌનએકાંતમાં જવાની પૂર્વતૈયારી રૂપે એક ફૉર્મ ઉપર સહી કરવાની કહી. મેં એ ફૉર્મ વાંચ્યું. એમાં એવું હતું કે અંદર કંઈ થાય તો જવાબદારી કોઈની નથી. હું ગભરાયો પણ ખરો. પછી કપડાં ઉપર નંબર લગાવાયા અને મૌનએકાંતનો કાર્યક્રમ સમજાવાયો. બીજે દિવસે મંગળવાર હતો. એ વખતે મૌનએકાંતનું એક સપ્તાહ પૂરું થતું હતું. મૌનએકાંતમાં રહેનારનાં નિવેદનો મને વાંચવા અપાયા એથી મારો ગભરાટ ઘટ્યો. બીજે દિવસે સવારે છ વાગ્યે મૌનઓરડામાં જવાનું હતું. એથી ચાર વાગ્યે ઊઠીને તૈયાર થવાનું. રાત્રે આઠ વાગ્યે સૂઈ જવાનું. હું પણ આશ્રમની એ વ્યવસ્થામાં ગોઠવાયો.

બીજે દિવસે વહેલી સવારે છ વાગ્યે પ્રાર્થના અને પ્રવચન હતાં. પ્રાર્થના પૂરી થયા પછી મોટાએ પ્રવચન કર્યું. **મોટાનું આ પ્રવચન શબ્દની શક્તિ વિશે હતું.** મોટાનો પ્રત્યેક શબ્દ મારા હૈયાને કોરતો હતો, સાથે ઊંડો પશ્ચાત્તાપ પ્રેરતો હતો. ગઈ કાલે સાંજે એમની સાથેની વાતચીતમાંની મારી ડંફાસો, ફાંકો, હોશિયારીનો દેખાવ, અહંકાર વગેરેનું મને ભાન થવા લાગ્યું. મોટાનું જ્ઞાન મને આંજતું ન હતું, પણ હું જે આજસુધી જાણતો નથી, એવી વાત એ કહી રહ્યા હતા. પ્રવચન પૂરું થતાં **એમને પગે લાગ્યા વિના જ આશ્રમના સેવક ભીખુભાઈ સાથે મૌનઓરડા તરફ ગયો અને મૌનઓરડામાં જઈને ભીખુભાઈએ બુલંદ અવાજે 'હરિઃૐ'નો પોકાર કર્યો. હું 'હરિઃૐ' બોલ્યો નહિ. મેં નક્કી કરેલું કે મારે કોઈ મંત્ર જોઈતો નથી. મારે કોઈને ગુરુ માનવા નથી.** ઓરડામાં થોડું અંધારું હતું. વીજળીની વ્યવસ્થા હતી, પણ વીજળીના બલ્બનું અજવાળું આછું હતું. પાટલાની સામેના સ્ટૂલ ઉપર મોટાનો ફોટો હતો. એ ફોટાને અઢેલીને મેં શ્રીઅરવિંદ અને શ્રીમાતાજીનો ફોટો મૂક્યો અને 'પ્રેયર્સ એન્ડ મેડિટેશન' વાંચવા માંડ્યું. એ થોડોક સમય વાંચ્યા પછી નૂતના ગાયત્રીનો જપ શરૂ કર્યો. 'આનંદમયિ ચૈતન્યમયિ સત્યમયિ પરમે'નું ગાન કર્યું. પછી ધ્યાન કર્યું. કેટલી બધી બાબતો કર્યા કરી તોય માંડ એક જ કલાક થયો હતો ! **ઘડિયાળનો કાંટો જ ખસતો ના હોય એમ લાગતું હતું. ત્રણ દિવસ કેવી રીતે પસાર થશે ?-એનો વિચાર આવતાં જ મને ધ્રાસકો પડ્યો. મને એમ**

**થયું કે કે આમાં ક્યાં પુરાયા ? આ બધું બહાર બેઠાં બેઠાં પણ ક્યાં થતું ન હતું ?** અહીં અંદર અંધારા એકાંતમાં બેસીને હું શેનો પ્રયોગ કરવા માગતો હતો ? અંધારા-એકાંતમાં રહી શકાય-એનો પ્રયોગ કરવા ધારતો હતો ? તો એમાં હું નિષ્ફળ ગયો છું. ઘરે બધાંને કહીને આવ્યો છું અને નીકળીને જઉં તો મારી નાલેશી થાય. એટલે પડ્યા રહો. મારે હવે ક્યારેય આવો પ્રયોગ કરવો નથી. થોડીક વાર આંટા મારું અને થોડીક વાર હીંચકે ઝૂલું અને વારેવારે ઘડિયાળના કાંટા સામે જોઉં. કાંટો તો જાણે ખસતો જ ન હતો. મને થયું કે બહાર તો સમય પાણી કરતાંય વેગથી વહે છે અને અહીં શું થયું છે ? ત્રણ દિવસ તો નહિ જ પસાર થાય. આજે હમણાં જમવાનું આવે ત્યારે ચિઠ્ઠી લખીને બહાર નીકળી જઈએ. આમ નક્કી કર્યું. જમીને થાળી મૂકતાં ચિઠ્ઠી લખવાની તૈયારી કરી ત્યારે એમ વિચાર આવ્યો કે દસ તો વાગ્યા છે. બપોરની ચા સુધીનો સમય પસાર કરીએ. જોઈએ શું થાય છે.

જમ્યા પછીનો સમય પસાર કરવા માટે એમ સૂચવેલું કે ભજન ગાવાં- પણ 'ડલ' ના બનવું. આથી, મેં આશ્રમ ભજનાવલિમાંનાં મારાં પ્રિય ભજનો, 'મારી નાડ તમારે હાથ, હરિ સંભાળજે રે' તથા 'પ્રેમળજ્યોતિ તારો દાખવી મુજ જીવનપથ ઉજાળ.' અને નરસિંહ મહેતાનાં રચેલાં બીજાં પદો ગાયાં. પણ કેટલી વાર ? બપોરના બાર વાગતાં તો જાણે મારા બાર વાગી ગયા અને ગભરામણ થવા લાગી. અંદર ભીંસ અનુભવાતી હતી. આવી એકલતા ક્યારેય અનુભવી ન હતી. મને થયું કે ભગવાનની વાત છોડો, આપણે બહાર નીકળી જઈએ અને બેલ મારવા બટન પાસે આંગળી લઈ ગયો ત્યાં પાછો વિચાર પલટાયો. આજનો દિવસ પસાર થવા દો. પાટલા ઉપર બેસીને ધ્યાન-પ્રાર્થના કરું. હીંચકે બેસીને ભજનો ગાવું. ખાવાનું, ચા વગેરે મૂકતાં-લઈ લઉં. **પણ 'હરિઃૐ' ના બોલું. કેટલી સજ્જડ ગ્રંથિ હતી !** કેટલી સજ્જડ ગાંઠ હતી ! આ ગાંઠની જ પીડા હતી, પણ એનું ભાન ન હતું. પહેલી રાત આવી ગભરામણ-ભયમાં થોડીક જ ઊંઘ સાથે પસાર થઈ. બીજા દિવસે સવારે નીકળી જવાનો દૃઢ નિશ્ચય કર્યો, પણ વળી પાછું ચિઠ્ઠી લખતાં પહેલાં વિચાર પલટાઈ ગયો.

બીજા દિવસે સવારે એક ચિઠ્ઠી આવી. એમાં લખ્યું હતું કે **'આપને વાંધો ના હોય તો પુસ્તકોના કબાટમાં મોટાનું લખેલું 'જીવન દર્શન' પુસ્તક છે. એ વાંચશો એમ મોટાએ લખાવ્યું છે.'** કબાટ ખોલ્યું તો ઘણાં પુસ્તકો હતાં. **'જીવન દર્શન'** પુસ્તક કાઢ્યું, પણ લેખક તરીકે એમનું નામ તો ક્યાંય ન હતું. સંપાદકોનાં નામ હતાં. એના 'લેખકના બે બોલ' વાંચ્યા. ગઈ કાલે પ્રવચન આપતા જે અવાજ હતો એવો અવાજ વંચાતા શબ્દોમાંથી મને સંભળાવા લાગ્યો અને **'જીવન દર્શન'** વાંચવાનું શરૂ કર્યું. એક પછી એક પાનાં વંચાતા હતા-એમ કહું એના કરતાં એ વંચાતા શબ્દો સંભળાતા હતા એવું ભાસતું હતું. પુસ્તક બંધ કરવાનું ગમતું ન હતું. એ પછી જેમ જેમ મોટાના જીવનપ્રસંગો, પૂજ્ય બાળયોગીનો, પૂજ્ય ઉપાસનીબાબાનો, પૂજ્ય કેશવાનંદજીનો પરિચય પમાતો ગયો તેમ તેમ આહ્‌લાદ વધવા લાગ્યો. મોટાની કપરી સાધના તપશ્ચર્યા વાંચી અને આંખમાંથી આંસુ વહેવા લાગ્યાં. પશ્ચાત્તાપ થયો, 'અરે ! આવા મહાન આત્માની મેં કેટલી અવગણના કરેલી ? આ તો જબરા તપસ્વી છે ! મેં એમના ફોટા સામેય નજર ના કરી ? કેવો અહંકારી, કેવો ઘમંડી !' આમ, પુસ્તક વાંચતાં વાંચતાં થયા કરતું હતું. આખો દિવસ પુસ્તક જ વાંચ્યા કર્યું. મેં આજ સુધી વાંચેલાં

પુસ્તકોમાં આના જેટલું રસભર્યું પુસ્તક બીજું ક્યારેય વાંચ્યું ન હતું. મેં મનોમન મોટાની ખૂબ માફી માગી. પરમ દિવસે સવારે ૧લી જાન્યુઆરીના દિવસે બહાર નીકળીને એમનાં ચરણમાં માથું ઢાળીને માફી માગીશ. 'મારી અવગણનાની, મારી અવહેલનાની મને ક્ષમા આપો.' ગઈ કાલે બહાર નીકળી ના ગયો એ કેટલું સારું થયું ! તરત જ મનને સૂઝ્યું કે હું તો બહાર નીકળી જવાના નિશ્ચયમાં હતો, પણ નિર્ણયની પળે કઈ શક્તિ મારા નિશ્ચયને પલટી દેતી હતી ? થોડુંક થોડુંક મન ખૂલતું હતું.

બીજા દિવસની રાતનો મારો અનુભવ અદ્‌ભુત હતો. મોટાના સંપર્કથી, સંબંધથી મૌનમાં તેમ જ બહાર અનેક પ્રકારના અનુભવો થયા છે, એ બધા આ પુસ્તક (મળાયું પણ ભળાયું નહિ-સં.)માં પ્રગટ કરવા યોગ્ય નથી ધાર્યું, કેમ કે એ અનુભવથી જે મૂળભૂત પરિણામ આવવું જોઈએ એ પામ્યો નથી. એથી એવા અનુભવો તદ્દન સાચા હોવા છતાં એના હેતુને ફલિત ના કરે ત્યાં સુધી ના લખવા-એમ નક્કી રાખ્યું છે, પરંતુ આ અનુભવ રજૂ કરવો યોગ્ય લાગે છે. એનો જીવનમાં ઊંડો સંસ્કાર પડ્યો છે. મધરાત સુધી હું ઘેરી ઊંઘમાં હતો. પછી ઊંઘ ચાલી ગઈ, પણ આંખ તો મીંચેલી જ હતી. એટલે તંદ્રાની સ્થિતિ હોય એમ લાગતું હતું. એવામાં એકાએક પવનનો સુસવાટો આવ્યો અને એ પવન મારા કાનમાં ભરાયો અને બીજી જ ક્ષણે બીજી બાજુના કાનમાંથી એ પવન પસાર થયો. મારા બંને કાનમાંથી પવનના સુસવાટા સામાસામે પસાર થતા હતા. મારી આંખ ખૂલી શકતી ન હતી. મને બેઠા થઈ જવાનું મન પણ થતું ન હતું. આ શું થાય છે એ સમજાતું ન હતું. પછી એ પવન મારા માથામાં ગોળ ચક્કર ઘૂમવા લાગ્યો. આમ છતાં માથામાં ભાર લાગતો ન હતો. આમ, સતત ચાલ્યા કર્યું. થોડોક સમય મને એવું લાગ્યું કે આ એકાંતને લીધે મારા જ્ઞાનતંતુઓમાં કશીક ગરબડ તો નહિ થઈ હોયને ? મને કશુંક થઈ તો નહિ જાયને ? આવા વિચારથી ભય પણ લાગવા માંડ્યો તો બીજી બાજુથી મોટાના **'જીવન દર્શન'**માંના પ્રસંગોના સ્મરણથી થતું હતું કે એમાં કશું જ ગભરાવાની જરૂર નથી. આપણે તો પથારીમાં સૂતા છીએ. પવનને પણ આવવાની જગા નથી. આ કદાચ ભ્રમણા હશે. આવા વિચારો આવતા હતા. સાથે સાથે સૂ-સૂ-સૂનો લય કાનમાં અને માથામાં જામી ગયેલો અનુભવાતો હતો. મારાથી એકાએક આંખ ખૂલી ગઈ. ઘડિયાળ સામે જોયું. પરોઢિયાના સાડા ત્રણ થયા હતા **અને મારા મોંમાંથી લયબદ્ધ 'હરિઃૐ' શબ્દ નીકળવાનો શરૂ થયો. તરત જ પેલા સુસવાટા બંધ થયા અને જે લય કાનમાં સંભળાતો હતો, માથામાં ફરતો હતો એ મોંએથી બોલવાનો શરૂ થયો.** એ શબ્દ અટકે જ નહિ. મેં 'હરિઃૐ' બોલવાનું બંધ કરવાનો પ્રયત્ન પણ કર્યો, પણ એ તો અટકે જ નહિ. મૌનઓરડામાં સાફસૂફી કરતાં બીજી ક્રિયાઓ કરતાં, 'હરિઃૐ', 'હરિઃૐ' બોલાયે જ જતું હતું.

ત્રીજો દિવસ ગાવામાં, નાચવા-કૂદવામાં અને **'જીવન દર્શન'** પુસ્તકના બાકી રહેલા ભાગના વાંચનના અલૌકિક આનંદમાં કેવી રીતે ઝડપથી પસાર થયો એની ખબર પણ ના રહી. પહેલા દિવસની મિનિટે મિનિટની મંથરગતિમાં આટલો બધો વેગ કેવી રીતે આવ્યો ? સમયની ગતિની આ વિચિત્રતા મને વિસ્મય પમાડતી હતી.

એ દિવસે સાંજે નંદુભાઈની ચિઠ્ઠી મળી કે, 'કર્ણિક સાહેબ આવી ગયા છે. કાલ સવારે તમને બહાર કાઢીશું. આ સાથેનો કાગળ નિવેદન લખવા

**(અનુસંધાન પૃ. ૧૫ પર)**

## (૪) સંતના દુર્ગમ વર્તન

**પૂજ્ય શ્રી નંદુભાઈ**

આજથી ઘણાં વર્ષો પહેલાં ઈ.સ. ૧૯૩૮માં પૂજ્ય શ્રીમોટા ઈદના દિવસે સાંઈબાબાના હુકમથી તદ્દન નગ્ન અવસ્થામાં પાંચથી સાત શહેરમાં ભરબજારમાં ને વસ્તીવાળા લત્તાઓમાં ચાલેલા અને ફરેલા એ ઘટના હવે તો સૌને જાણીતી છે. પૂજ્ય શ્રીમોટાએ પોતાની કલમે એનું વર્ણન સાધકો પરના પત્રોમાં કર્યું છે, જે પુસ્તક આકારે પણ પ્રગટ થયું છે. એ ઘટનાના સાક્ષીઓ પણ હતા. તેમણે નજરે આ જોયેલું.

લગભગ આ જ પ્રકારની ઘટના ત્રેવીસ વર્ષ બાદ મારે પણ અનુભવવાની આવેલી. તદ્દન નગ્ન નહિ પણ નેવું ટકા નગ્ન. કુંભકોણમ્ આશ્રમમાં એક સવારે સાડા આઠ વાગ્યાના સુમારે તેઓ શ્રી હસમુખભાઈની રાહ જોતા હતા. અગાઉના નિશ્ચિત કરેલા કાર્યક્રમ અનુસાર તેઓ સાથે કારમાં એક સ્થળે જવાના હતા. સાડા આઠ વાગી ગયા. હસમુખભાઈ કંઈક મોડા પડ્યા એટલે પૂજ્ય શ્રીમોટા તો આશ્રમમાંથી નીકળ્યા. એમના મનમાં હશે કે હસમુખભાઈ સામે આવતા જ હશેને ! આશ્રમના ઝાંપે રાહ જોઈશ. તેમણે માથે સફેદ ગાંધી ટોપી, પગમાં ચંપલો અને કમ્મરે લંગોટ આખા શરીરને લક્ષ્યમાં રાખીએ તો માથે, મધ્યે અને તળિયે ત્રણ વસ્તુ-ટોપી, લંગોટ અને ચંપલ પહેરેલાં. બાકી બધું શરીર નરદમ ખુલ્લું. જોવા જેવો વેશ ! આશ્રમની આગળ દરવાજા પાસે જ એક પોળ. અગ્રહાર પોળ એનું નામ. એમણે ધારેલું કે અગ્રહાર પોળમાં સામે જ કાર મળી જશે. કાર તો દેખાઈ નહિ ને એઓશ્રી તો આગળ ને આગળ ચાલ્યા. એમ ચાલતાં ચાલતાં છેક પેઢીના મકાન સુધી એવા વેશે આવી પહોંચ્યા. ખાસ્સું દોઢ-પોણા બે માઈલનું અંતર અને આખે રસ્તે ભરચક વસ્તી અને મોટાં બજારો. હસમુખભાઈ અચાનક આવી પડેલા બીજા અગત્યના કામમાં સપડાઈ ગયેલા એટલે નીકળી શકેલા નહિ. તેઓ આવ્યા ત્યારે હસમુખભાઈએ તેમનો લગભગ નગ્ન વેશ જોયો. તેમને ખાસ આશ્ચર્ય તો ન થયું, કારણ આવો કેટલોક અનુભવ પહેલાં એમને થયેલો. હસમુખભાઈએ કાર બોલાવી મંગાવી અને પૂજ્યશ્રીને કારમાં આશ્રમે પહોંચતા કર્યા.

એકવાર હરિ નાનો હતો ત્યારે હાથગાડીની દોરી ખેંચતાં ખેંચતાં ભરબજાર વચ્ચે થઈને પેઢીએ ગયેલા, એટલું જ નહિ પણ ભરબજાર વચ્ચે હરિએ એમને ઘોડો કરવાની હઠ પકડતાં ઘોડો પણ થયેલા. એકવાર સત્સંગમાં પોતાના સ્વમુખે જ્યારે આ ઘોડા થવાનો પ્રસંગ કહ્યો ત્યારે એક ભક્ત અધ્યાપક મિત્રે એમને કહ્યું, ‘મોટા, ઈંગ્લૅન્ડના એક વખતના વડાપ્રધાન ગ્લેડસ્ટન જ્યારે વડાપ્રધાન હતા ત્યારે પોતાનાં બાળકોને લઈને બગીચામાં જતા ત્યારે બાળકોના આગ્રહને વશ થઈ ઘોડો થઈ બગીચામાં ફરેલા એવો પ્રસંગ આવે છે.’ મોટાએ ત્યારે તરત એક વડીલ મિત્રનું નામ દઈ કહ્યું, ‘જુઓ સાહેબ, સાંભળો. આ કંઈ કપોલકલ્પિત વાત નથી. માત્ર Probability નથી- શક્યતા નથી, Reality છે- વાસ્તવિકતા છે. વાત્સલ્યપ્રેમ લોકલાજની પરવા ન કરે. હું કંઈ ખોટું કહેતો ન હતો.’

આમ, મુક્તપુરુષનાં વર્તનો સમજવાં દુર્ગમ છે. તેમની વિશેષતા ઓળખવી સહેલી નથી. એ બધાંની પરવા કરતા ને વળી કશાની પરવા ન કરે. કોઈ આમ કહેશે કે તેમ કહેશે એવાં ધારાધોરણ એને નથી. એને આપણે કદાચ ‘લીલા’માં જ ખપાવી શકીએ.

‘આશ્રમની અટારીએથી’, માંથી સાભાર ❑

# (૫) પ્રેરક વિભૂતિ મહાત્મા ગાંધી - (૧૧)

શ્રીમોટા

મહાત્મા ગાંધીજીએ ૭૪ વર્ષની પાકટ ઉંમરે ૨૧ દિવસ મુદ્દલે ખોરાક લીધા વિના તે જીવી શક્યા, તે ઉપરથી એમના જીવનને પ્રેરણાશક્તિ આપનાર કોઈ સ્થૂળ કારણોને બદલે બીજી કોઈ પરમ ગૂઢ શક્તિ છે, એવી પ્રતીતિ જગતના માનવીને થયા વિના નહિ રહી હોય. જે ઉચ્ચ આત્માઓ છે, તે અત્યંત ગતિમાન હોવાથી સ્થિર જેવા છે. એટલે તેમનો લાભ લઈ શકે તેવી સ્થિતિમાં જગતના માનવી સાધારણ રીતે નથી હોતા.

આવા ઉચ્ચ આત્માઓ દુનિયાના માનવીના ઉપલા થરને કેટકેટલું ગતિમાન કરીને ઊંચે લાવવા પોતાના જીવનનો યજ્ઞાર્થે ભોગ આપ્યા કરે છે ! નજરે જોઈ શકાય, જાણી શકાય અને સ્થૂળ રીતે સમજણમાં પણ પ્રગટી શકે એવો પ્રત્યક્ષ પદાર્થપાઠ આપીને તામસમાં પડી રહેલા માનવીને પણ હચમચાવવાનો અને જગાડવાનો પ્રયત્ન આ રીતે ગાંધીજી કરે છે.

ગાંધીજીના સંપર્ક અને સંબંધમાં આવેલા જીવાત્માઓ જે પ્રકારના હેતુથી તેમની સાથે સંકળાયેલા હોય છે, તેવા પ્રકારની શ્રેષ્ઠતા તેમના જીવનમાં પ્રગટેલી અનુભવાય છે. બાકીના બીજા બધા તો અનેક વર્ષ સાથે રહેતા હોવા છતાં તેવા ને તેવા રહે છે.

પોતાનું સારુંયે જીવન ક્ષણેક્ષણ જે પારમાર્થિક ભાવે જીવે છે, તેને માનવી બિચારો શું સમજી શકવાનો છે ! જે નર્યા સ્વાર્થમાં અને અજ્ઞાનમાં રચ્યોપચ્યો રહેલો છે, તેવો જીવ પણ આજે તો તેને તોલવાને કંઈક કંઈક બોલે છે ! **જગતની મૂર્ખતાનો પાર નથી.**

સમાજને ઊંચે પ્રગટાવવાના હેતુથી અવતાર જેવા મહાત્માઓ અવતર્યા, સંતમહાત્માઓની પરંપરાઓ પ્રગટી, તેમ છતાં સમાજ તો બિચારો તેનો તે છે. એટલે સારોયે સમાજ ઉન્નતિનાં સર્વોત્કૃષ્ટ શિખરે પહોંચી જાય તેવું બનવું શક્ય લાગતું નથી. વ્યક્તિ ચડી શકવાની છે અને ચઢશે. વ્યક્તિથી સમાજ બનેલો છે. આમ, વિશેષ ને વિશેષ વ્યક્તિઓ ઉચ્ચ જીવન પ્રગટાવવામાં રસ લઈને તે પરત્વે નિષ્ઠા જેટલી પ્રગટાવશે, તેટલા પ્રમાણમાં સમાજનો પણ ઉદ્ધાર થવાનો છે, તે નક્કી જાણજો.

સમાજને ઊંચે પ્રગટાવવામાં એવા ઉચ્ચ આત્માઓનું ઋણ અનંત પ્રકારનું છે. પ્રેમભક્તિભાવે તે ઋણ હૃદયથી સ્વીકારીને જીવનશક્તિ પ્રગટાવવામાં આ જીવે તો તેનો લાભ લીધો છે.

ભૂતકાળના સંસ્કાર અને સંસ્કૃતિ પરત્વે જેનામાં આદરભક્તિ નથી, તેવો જીવ કયા પગથિયા ઉપર ઊભો રહી શકે ? પૂર્વપરંપરાગત પવિત્રતાની પ્રણાલિકાને જે આદરણીય માને છે, તેમાંથી તે શક્તિસંચારને પામે છે. એવો જીવ જીવનનો વિકાસ એટલે શું તે સમજવાને પ્રાણવાળો બની શકે છે અને તે સમાજની સાચી સેવા છે. તેવાઓનું જીવન પળેપળ સેવાભક્તિરૂપ બની જતું હોય છે. પોતે સેવા કરે છે એવો ખ્યાલ પણ એમનામાંથી અદૃશ્ય થઈ જતો હોય છે.

'પ્રેરક વિભૂતિ મહાત્મા ગાંધી', પ્ર. આ., પૃ. ૯૮ ❑

# (૬) 'ભગતમાં ભગવાન' ના પ્રકાશનની પૂર્વ ભૂમિકા

પ્રભુદાસ જાની

પૂજ્ય શ્રીમોટાના આત્મકથન સ્વરૂપ **'ભગતમાં ભગવાન'** ગ્રંથસ્થ કરાયું તે પૂર્વે જે પરિબળોએ આકાર ધારણ કર્યો હતો તેની વિગતો મારી જાત અનુભવની આ પ્રમાણે હતી :-

'ભગતમાં ભગવાન'ના પ્રારંભનાં પાનાંઓ ઉપર શ્રી રમેશભાઈનું 'પ્રસાદ' તરીકે જે લખાણ છે તેમાં **શ્રી પ્રભુદાસ જાની તથા સ્વ. સુરેશભાઈ સંતનો સહયોગી ઉમળકો જોયો-જાણ્યો**-એ પ્રકારના શબ્દો છે.

શ્રી સુરેશ સંત પૂજ્ય શ્રીમોટાના પ્રથમ વખત સંપર્કમાં આવ્યા તે દિવસ હતો ગુજરાત રાજ્યની રચનાનો દિવસ. શ્રી સુરેશ સંત પેટલાદ મુકામે આવેલી ન્યુ એજ્યુકેશન હાઈસ્કૂલમાં મારા સહાધ્યાયી અને પરમ મિત્ર હતા. બંનેના અભ્યાસ પૂર્ણ થયા બાદ પણ આ મિત્રતા અને પત્રવ્યવહાર જળવાઈ રહેલો અને ઊર્ધ્વજીવનના સહપ્રવાસી તરીકે વિકસ્યો હતો. પૂજ્ય શ્રીમોટાના સંપર્કમાં પોતે આવ્યા એટલે મને શ્રીમોટા વિશે પત્રો દ્વારા વિગતો જણાવે અને શ્રીમોટાનાં કેટલાંક પુસ્તકો પણ ખરીદીને મને મોકલે. પ્રારંભના મારા હિચકિચાટ છતાં મિત્રભાવ વિજયી બન્યો અને શ્રીમોટાના સંપર્કમાં હું અને ક્રમશઃ મારો પરિવાર પણ આવ્યો.

અમદાવાદના પાલડી વિસ્તારના નારાયણનગરમાં સ્ટેટ બૅંક ઓફ ઇન્ડિયા ઑફિસર્સ સોસાયટીમાં શ્રી સુરેશભાઈના મકાનનું વાસ્તુપૂજન પૂજ્ય શ્રીમોટાએ કરેલું. સ્ટેટ બૅંકની નોકરીમાંથી નિવૃત્ત થઈ તેઓ અમદાવાદમાં આ મકાનમાં સ્થાયી થયા. પોતે અને ધર્મપત્ની એમ બે જ વ્યક્તિ માટે આ મોટો બંગલો એની રાખરખાવટ વળી જાહેરમાર્ગ ઉપર હોઈ અસુવિધા વગેરે કારણોસર ચોવીસ કલાકની સિક્યુરીટી-વગેરેની સગવડતાવાળા ફ્લેટમાં જવાનું વિચારતાં આ બંગલો શ્રી રમેશભાઈ ભટ્ટે ખરીદ કરેલો. શ્રી સુરેશભાઈ નવરંગપુરા વિસ્તારમાં રહેવા ગયેલા.

અમો બે મિત્રો વચ્ચે વાતનો વિષય મુખ્યત્વે 'શ્રીમોટા' અંગે જ રહેતો. તેઓ નવરંગપુરાથી મારા નિવાસે નારાયણનગર આવે અને હું પણ તેમના નિવાસે જતો. પૂજ્ય શ્રીમોટાનાં પુસ્તકોનું સહવાંચન અને તે અંગે સત્સંગ થતો.

એક વખત સુરેશભાઈએ મને પ્રસ્તાવ મૂક્યો કે શ્રીમોટાના સાહિત્યમાંથી તેમના જ શબ્દોમાં તેમના જીવન અને કાર્યની વિગતો આપણે અલગ તારવી એકત્રિત કરીએ. બાલ્યકાળ, અભ્યાસ, સાધનાકાળ, વગેરે જુદા જુદા તબક્કાઓનું વર્ગીકરણ વિચાર્યું અને કેટલોક ભાગ તેઓ તૈયાર કરે અને બીજો કેટલોક વિભાગ મને સોંપાયો. શ્રીમોટાનાં જ પુસ્તકોનો આધાર લેવાનો અને એમના જ શબ્દોમાં વિગતો નોંધવાની એ પાયાની સમજણ હતી. થોડા દિવસોના અંતરે અમારાં લખાણમાં જે પ્રગતિ થઈ હોય તેની ઉભયપક્ષે જાણકારીની આપલે પણ થતી હતી.

શ્રી રમેશભાઈએ મને મિત્ર તરીકે સ્વીકાર્યો હતો. એટલે તેઓશ્રીના મનમાં પૂજ્ય શ્રીમોટાના જીવન અને કાર્યના ગ્રંથના બદલે નવા ગ્રંથની જે વિચારણા ચાલતી હતી તે અંગે તેઓશ્રીએ મને વાત કરી. તેઓશ્રીને મેં જણાવ્યું કે આ પ્રકારના કાર્ય માટે હું અને સુરેશભાઈ લખાણ કરી રહ્યા છીએ. આના અનુસંધાને હું અને સુરેશભાઈ, રમેશભાઈના નિવાસે તેઓને રૂબરૂમાં મળ્યા અને સારી એવી વાતચીત થઈ. એ દિશામાં આગળ વધવા અંગે પણ આયોજન વિચારાયું.

સુરેશભાઈને બી.પી., ડાયાબિટીસની તકલીફ તો હતી જ. બધી દવાઓ લેવાતી, પરેજી પણ પળાતી અને રોજ સવારે પાંચેક કિલોમિટર ફરવા જવાનો નિત્યક્રમ હતો. તેમના શરીરનો અંત એટલો જલદીથી આવે એવો કોઈ જ અણસાર સુધ્ધાં નહિ. વહેલી સવારે ફરવા જવા માટે બૂટ-મોજાં, નાની લાકડી વગેરે તૈયાર કરીને સૂવા ગયા અને તે રાત્રે જ પહેલો અને છેલ્લો હાર્ટએટેક આવતાં ડૉક્ટર આવે તે પહેલાં તેઓએ ચિરવિદાય લઈ લીધી. સ્વીકારી ન શકાય એવી આ દુઃખદ ઘટના હતી, પણ એ હવે હકીકત હતી.

એ પછી 'ભગતમાં ભગવાન'ની કામગીરીમાં હું સંકળાયેલ રહ્યો. વહીવટી કામગીરીનો મારો અનુભવ મને આ કામમાં ઉપયોગી બન્યો. કપડાં સૂકવવા માટે જે ક્લીપ્સ આવે છે એવી ક્લીપ્સ ખરીદ કરી અને જુદા જુદા પ્રસંગોના આલેખનવાળાં શ્રીમોટાનાં પુસ્તકોનાં પાનાં અલગ કરી ક્લીપો લગાવી અને પ્રકરણવાર ફાઈલો બનાવી હતી. પૂજ્ય શ્રીમોટાનાં મારાં કેટલાંક અંગત પુસ્તકોમાંથી લેખકના બે બોલ અને અન્ય પાનાં જુદાં કરી તેનું વર્ગીકરણ કરી ગોઠવ્યાં જે 'ભગતમાં ભગવાન'ના ઘડતરમાં સહાયક બન્યાં.

મારું રહેણાક અને રમેશભાઈનું નિવાસસ્થાન નજીકના અંતરે હોવાથી દિવસમાં એકથી વિશેષ વખત મળવાનું અને આયોજન અંગે વિચારવાનું સરળ બનતું હતું. ક્યારેક તેઓશ્રી પણ મારા નિવાસે આવતા અને એ રીતે પૂર્વ તૈયારી સતત ચાલતી હતી.

યોગાનુયોગ 'હરિભાવ'ના સંપાદક તરીકે મને કામ કરવાની તક મળેલી એટલે 'હરિભાવ'માં આ ગ્રંથના આગોતરા સભ્યો માટે વિગતો પ્રકાશિત કરાતી હતી.

આ બધું કામ ચાલતું હતું તે દરમિયાન શ્રી રમેશભાઈ તેમનાં ધર્મપત્ની અ.સૌ. અરુણાબહેન સાથે મારે સુરતના આશ્રમે જવાનું બન્યું. તેઓ બંનેને આંખનાં ચશ્માં અંગે સુરત શહેરમાં આવેલા શ્રી અરવિંદભાઈ શાહના 'પ્રકાશ ઘર'માં અમે ત્રણે ગયાં. પૂજ્ય શ્રીમોટાએ જ ચશ્માંની આ દુકાન માટે 'પ્રકાશ ઘર'નું નામ સૂચવેલ હતું કારણકે અગાઉ બે વખત જુદાં જુદાં નામ રાખેલાં પણ ધંધો જામેલો નહિ. મારે તો આંખના નંબરની કે નવાં ચશ્માં કઢાવવાની જરૂરિયાત ન હતી પણ સાથે ગયો હતો. એ બંનેની આંખોના નંબર ચશ્માં વગેરેનું કામ પત્યા પછી મને પણ બેસાડી નંબર ચેક કર્યા. અમને બધાંને નવાં ચશ્માં આપ્યાં પણ તેનાં નાણાં શ્રી અરવિંદભાઈએ ન સ્વીકાર્યા. શ્રી રમેશભાઈ અને શ્રી અરુણાબહેન આ સ્વજન સાથે સુપરિચિત હતાં. પણ મારા માટે આ પ્રથમ પ્રસંગ હતો. શ્રી અરવિંદભાઈની દલીલ હતી કે આ ચશ્માં વડે તમે કામ તો શ્રીમોટાનું જ કરવાના છોને ? એટલે કોઈ રકમ લેવાની નથી. કેટલો ઊંચો ભાવ !

આટલી વાત પત્યા બાદ એકાએક શ્રી અરવિંદભાઈએ શ્રી રમેશભાઈને પૂછ્યું કે તમે કોઈ નવું પુસ્તક તૈયાર કરવાના છો એમ સાંભળ્યું છે તો એ પુસ્તકના પ્રકાશનની રકમ તેઓ પોતે આપશે. શ્રી રમેશભાઈએ શ્રી અરવિંદભાઈને કહ્યું કે તમને ખબર છે કેટલી રકમ જોઈશે ? તો કહે 'ના, મને ખબર નથી. પણ તમે કહોને કેટલો ખર્ચ થશે ?' એ વખતે 'ભગતમાં ભગવાન'ની એક હજાર પ્રત કરવાનો ઈરાદો હતો. શ્રી રમેશભાઈએ સ્પષ્ટતા કરી કે પૂરા એક લાખ રૂપિયા જોઈશે. સહેજ પણ ખચકાટ વિના શ્રી અરવિંદભાઈએ કહ્યું કે તેઓ તેટલી રકમ આપશે.

પ્રકાશ ઘરમાંથી જેવાં અમે ત્રણે બહાર નીકળ્યાં

એટલે રમેશભાઈએ મને કહ્યું, 'પ્રભુભાઈ, હવે આ કામ થઈને રહેશે એમ સમજો. રકમ મળી ગઈ.' ત્યાર પછી સ્વ. સુરેશભાઈના પરિવારનો વિશેષ એક હજાર નકલ માટે સહયોગ મળ્યો. આમ, બે હજાર પ્રતની રકમ મળી જતાં કુલ ત્રણ હજાર નકલ પ્રથમ આવૃત્તિની કરવાનું આયોજન કરાયું હતું. પ્રકાશન પૂર્વેની કામગીરી દરમિયાન શ્રી રમેશભાઈએ મને પૂછેલું કે આ ગ્રંથની મુદ્રણશુદ્ધિ અંગે શું કરીશું ? ત્યારે મેં તેઓશ્રીને તુરત જ કહેલું કે શ્રી જયંતીભાઈ જાની એ કામગીરી કરી આપશે. જોકે એ બાબતમાં મારે તેમની સાથે કોઈ પૂર્વવાતચીત થયેલી નહિ. પણ મને વિશ્વાસ હતો કે શ્રીમોટાનાં કાર્યમાં તેઓ ઉત્સાહપૂર્વક જોડાશે અને બનેલું પણ તેમ જ. મુદ્રણશુદ્ધિની કામગીરી સમયે શ્રી જયંતીભાઈને ડાબા હાથે પંજામાં આંગળીઓમાં ફ્રેક્ચર થયેલ તેમ છતાં પ્રકાશન પૂર્વેનાં તમામ પ્રૂફની તેઓએ મુદ્રણશુદ્ધિ કરી આપી હતી.

'ભગતમાં ભગવાન'ની પ્રથમ આવૃત્તિના પ્રકાશનની આટલી પશ્ચાદભૂમિકા માત્ર જાહેર જાણકારી અને ડોક્યુમેન્ટેશન-દસ્તાવેજીકરણના શુભ આશયથી આલેખી છે.

આ ગ્રંથ તૈયાર કરાયો તે પહેલાં શ્રી રમેશભાઈની બીમારી, મેડિકલ સલાહ વિરુદ્ધ પણ પરિવારની અનુમતિથી પાટડી મુકામે પૂજ્ય શ્રી દાસાનુદાસ સાથે શ્રી રમેશભાઈના રહેવાના પ્રસંગ તેમ જ શ્રી દાસાનુદાસજીના સ્થાન આબુરાજ અન્નક્ષેત્ર પાટડી ખાતે ગ્રંથની રચના દરમિયાન શ્રીમતી અરુણાબહેનની સેવાશુશ્રૂષાનો સહયોગ અને શ્રી કમલેશ શેઠના સહકાર વગેરે વિગતોનો એક અલગ લેખ થઈ શકે તેમ છે. પરંતુ હાલના તબક્કે ઉપર પૂરતું વ્યક્ત કરાયું છે.

❑

**(અનુસંધાન પૃ. ૧૦નું ચાલુ)**

આપને મોકલ્યો છે.' નિવેદન લખતાં મારું હૃદય ભરાઈ આવ્યું. આ ઓરડામાંથી નીકળવું ગમતું ન હતું. ત્રણ દિવસમાં આ શો ફેરફાર થયો ? એ મને સમજાયું ન હતું. નિવેદન લખી દીધું.

તા. ૧લી જાન્યુઆરી, ૧૯૬૭ની સવારે છ વાગ્યે હું ત્રણ દિવસના મારા પહેલા મૌનએકાંતમાંથી બહાર નીકળ્યો. મોટા પાસે ગયો. હાલ મોટાનો ફોટો મૂકેલો પલંગ છે ત્યાં મોટા સૂતા હતા. ઠંડીને લીધે માત્ર મોં જ દેખાય એટલો ભાગ ખુલ્લો હતો. બાકીના શરીર ઉપર ઓઢેલું હતું. વીજળીના દીવાનું અજવાળું પણ ઓછું હતું. મેં મોટાના પગ પકડી લીધા અને માથું પગે અડાડ્યું. હૃદય ગદ્‌ગદ થયું હતું. **એમણે મને પૂછ્યું, 'ભઈલા, અંદર આનંદ આવ્યોને ?'** હું કશું જ બોલી ના શક્યો. એમની પાસે બેસીને મેં એમના મોં સામે જોયું. હું ભારે વિસ્મયમાં ડૂબી ગયો. મોટાનો ચહેરો જ ના દેખાયો. શ્રીમાતાજીનો જ ચહેરો સ્પષ્ટ દેખાવા લાગ્યો. હું ખુલ્લી આંખે ધારી ધારીને જોતો હતો. હું ભ્રાંતિમાં તો નથીને એની ખાતરી કર્યા કરતો હતો.

ત્યાં જ મોટા બોલ્યા, 'તમે આ જે જોયું એમાં કશું જ આશ્ચર્ય પામવા જેવું નથી. તમે જેમના પ્રત્યે પૂજ્યભાવ ધરાવો છો એમની છબી તમારા સબકોન્શ્યસમાં સ્થપાયેલી છે. એનું પ્રોજેક્શન તમને અહીં દેખાયું છે. તમે તમારામાંનું જુઓ છો. બીજું કશું નથી !' મોટાનો આ ખુલાસો મને ખૂબ ગમ્યો. બુદ્ધિ સ્વીકારે એવો હતો. સવારે આશ્રમમાં સૌને 'હરિઃૐ' કહીને વિદાય લીધી.

'મળાયું પણ ભળાયું નહિ', પ્ર. આ.માંથી સાભાર ❑

## (૭) ખુદાના ખેપિયાનો સંદેશ

રજનીકાંત પટેલ

*(હજરત મહંમદ પયગંબર સાહેબનું જીવનચરિત્ર 'જનકલ્યાણ'માં સને ૧૯૯૪માં પ્રગટ થયેલ. તેના લેખક હતા રજનીકાંત પટેલ. પ્રો. કે. જી. શાહ સાહેબને એ લેખ પુસ્તિકા રૂપે છપાવી પ્રકાશિત કરવાની ભાવના થતાં તેઓએ સદ્‌વિચાર પરિવારનો સંપર્ક કરતાં તે સંસ્થાએ ઉમળકાથી એ કાર્ય સ્વીકારેલું. એ પ્રકાશન **'ખુદાનો ખેપિયો'**માંથી 'હરિભાવ'માં અગાઉ કેટલાક અંશ પ્રકાશિત કરાયા છે. પયગંબર સાહેબનાં કેટલાંક કથનોનું આ સંકલન છે. -સંપાદક)*

**૧. મારે મન મુસલમાન અને બિનમુસલમાન બંને ડાબી-જમણી આંખ સમાન છે. જેમના મનમાં આવો ભેદભાવ હોય તેઓ ખુશીથી ઈસ્લામ છોડી શકે છે.**

૨. ઈસ્લામ એટલે વાણી પવિત્ર રાખવી અને અતિથિનો પ્રેમપૂર્વક સત્કાર કરવો.

૩. ઈમાન એટલે ગુસ્સે ન થવું, બીજાનું ભરપૂર ભલું કરવું. કોઈના ઉપર જરાકે જુલમ ન ગુજારવો.

૪. ઈમાનદાર એટલે પાડોશી ભૂખ્યો હોય ત્યારે પેટ ભરીને જે ન જમી શકે તે. તે જ ખરો મોમિન (ઈમાનદાર) છે.

૫. માતાપિતાની સેવા જ સાચું કર્તવ્ય છે.

૬. જેના મનમાં તલભાર પણ ઘમંડ છે એનાથી સ્વર્ગ હજારો ગાઉ દૂર છે.

૭. ધર્મને બહાર શોધવાનો નથી. એ તો આપણા જીવનવ્યવહાર સાથે જ વણાયેલો છે.

૮. માનવ, પશુ કે પંખી, ખુદાએ બધી માતાના હૃદયમાં મમતાની માટીમાંથી ઘડ્યા છે.

૯. વેરથી વેર વધે છે અને વેરપરંપરા ચાલ્યા કરે છે. વેરને ભૂલી ઉદાર મનથી માફી આપવી એ જ ઉત્કૃષ્ટ ઉપાય છે.

૧૦. ખુદાએ મને દયા કરવા અને દુઆ આપવા મોકલ્યો છે. કોઈને શાપ આપવા માટે નહિ.

૧૧. માણસનું ઉત્તમ ધન સુશીલ પત્ની છે. સ્ત્રી તો ઘરદીવડી છે, ઘરનો મોભ છે, ઘરની હાકેમ છે. બાળકોના સંસ્કારની જવાબદારી તેને માથે છે.

૧૨. ઈશ્વર એક જ છે અને એ જ સાચો છે.

૧૩. ધર્મો તો બધાં જ સરખા છે, વાંધો એમાં પડેલાં ખોટાં ખોટાં રીતરિવાજોનો છે.

૧૪. હે પુરુષો ! હે સ્ત્રીઓ ! તમે સૌ એકબીજા પર પ્રેમ કરો. અલ્લાએ તમને સાથીઓ બનાવ્યા છે, તો જીવનભરના સાથીઓ બનીને રહો. ખુદાતાલા તલ્લાકને બૂરામાં બૂરી વસ્તુ માને છે.

૧૫. તમે દાન-ધર્મ નહિ કરો તો ચાલશે, પણ જીભની મીઠાશ રાખજો અને હૈયામાં શુદ્ધ ભાવ રાખજો.

'ખુદાનો ખેપિયો', માંથી સાભાર ❑

# (૮) મારી માના દેહાંત અને પુનર્જન્મની વાત

શ્રીમોટા

એક સાહેબે મને પૂછેલું, **'અનુભવી પુરુષના સંપર્કમાં આવેલાનો નવો જન્મ જલદી થાય છે, એ વાત ખરી છે ?'** મેં એમને કહ્યું, 'વાતનું પાછું તમે પ્રૂફ-સાબિતી માગશો !' એટલે કહે કે ના, સાબિતી નહિ માગું તમે મને કહેશો એમાં મને શ્રદ્ધા છે.

મેં કહ્યું કે અનુભવી લોકોના બહુ નિકટના પરિચયમાં-સંબંધમાં રહે તો જન્મ વહેલો થાય એ વાત ચોક્કસ. નહિતર તો ટ્રાન્ઝિશન પિરિયડ-(વચગાળાનો સમય) બહુ લાંબો હોય છે.'

જ્યારે આશ્રમો કાઢવાની પ્રવૃત્તિ મેં શરૂ કરી ત્યારે મારી મા કહે કે, 'અલ્યા ચૂનિયા, આ ચકલાંને ચણ નાખવા તો છે નહિ અને પાછો આશ્રમ ચલાવવો છે ?' મેં તેને પૂછેલું કે, 'બોલ, તારે દર મહિને કેટલા રૂપિયા જોઈએ ?' તો બિચારીએ માગી માગીને પાંચ રૂપિયા માગેલા. ગરીબ માણસ કેટલું માગે ? બીજી વાત એ માંદી પડે તો એની સેવામાં મારે હાજર રહેવું. માની સેવા કરવી એ તો મારો ધર્મ છે એટલે મેં એને વચન આપેલું કે એવે વખતે હું જરૂર હાજર રહીશ.

મારા ભાઈનો મારા પર તાર આવ્યો કે બા માંદી છે. એટલે મને મારું વચન યાદ આવ્યું. હવે તે વખતે હું બનારસમાં બંગલો ભાડે રાખીને નરસિંહરાવ દિવેટિયાની બે દોહિત્રીઓ સાથે તેમના અભ્યાસ નિમિત્તે સાથે રહેતો હતો. મેં એ દીકરીઓના બાપને કરાંચી તાર કર્યો તો તેમણે જવાબ કર્યો કે ગમે તે માણસને સોંપીને તું જજે.

હવે બનારસમાં મારા નિકટનું પરિચયનું કોઈ નહિ. કોને સોંપીને જઉં ? મને બહુ આઘાત લાગ્યો. મને કોઈના ઉપર વિશ્વાસ આવે નહિ. હું તો ધર્મસંકટમાં મુકાઈ ગયો.

પછી હું તો એક ઓરડીમાં પુરાઈ ગયો. ભગવાનની પ્રાર્થના કર્યા કરું. ખાધાપીધા વિના પ્રભુને ધા નાખ્યા કરું કે મારે વચન પાળવું છે પણ હું જઈ શકું તેમ નથી. મારી લાજ રાખો. છેલ્લે સમયે મારી બાએ મારા ભાઈને કહ્યું કે જો ચૂનિયો આવ્યો. મારા પગ દબાવે છે, તું જો. આ પ્રકારનો પત્ર માના દેહાંત બાદ ભાઈનો મારા ઉપર આવ્યો. મેં ભગવાનનો ગદ્ગદ ભાવે આભાર માન્યો. હું બનારસમાં હતો પણ મારું શરીર મારા વચનના પાલન માટે મારી મા પાસે હાજર થયું હતું. ભગવાને મારી લાજ રાખી. ઓરડીમાં પુરાઈ ગયાના ત્રીજે દિવસે મારી માના દેહાંતની જાણ મને ટેલિપથીથી થઈ હતી. ભાઈનો પત્ર તે પછી આવેલો.

માના દેહાંત બાદ એનો જન્મ ક્યાં થયો એમ મને પ્રશ્ન થયો. જેમ ટેલિવિઝનમાં દેખાય તેમ જીવ કયે કયે ઠેકાણેથી ક્યાં ક્યાં જાય અને જન્મ ક્યાં થયો તે પણ મને બરાબર બધું ધ્યાનાવસ્થામાં દેખાયું. તેની વિગતો મેં લખી લીધી. તેનો જન્મ બનારસમાં થયો હતો.

પછી એ ઘર શોધતો શોધતો હું ત્યાં પહોંચી ગયો. અજાણ્યા ઠેકાણે ક્યાંય સુધી એ ઘરના ઓટલા ઉપર બેસી રહ્યો. કોઈનું ધ્યાન ખેંચવા માટે ભજન ગાવા લાગ્યો. લગભગ પોણા કલાક પછી કોઈનું ધ્યાન ગયું. તેણે હિંદીમાં મને પૂછ્યું, 'તમે કેમ બેઠા છો ? કોનું કામ છે ?' મેં કહ્યું કે ઘરના મુખ્ય માણસને બોલાવો તો વાત કરું.' પછી મુખ્ય માણસને વાત કરી કે તમારે ત્યાં એક દીકરી આવી છે. તેનાં દર્શન કરવાં આવ્યો છું. બધી પૂરી વિગત તો કહેવાય નહિ, એટલે એમ કહ્યું કે મને સ્વપ્નું

આવ્યું હતું રાત્રે. તે દીકરી મોટી શક્તિવાળી છે મારા ગુરુમહારાજે મને હુકમ કર્યો છે કે 'તેનાં દર્શન કરી આવો એટલે હું આવ્યો છું. હું બનારસ યુનિવર્સિટીમાં અમુક ઠેકાણે બંગલો છે ત્યાં રહું છું. એ દીકરી મારા હાથમાં આપો તો હું દર્શન કરીને ચાલ્યો જઈશ. એક મિનિટ આપો.' પેલા ભાઈએ શ્રદ્ધાથી એ દીકરી મને આપી. તેનાં દર્શન કરી હું મારા ઠેકાણે પાછો પહોંચી ગયો.

તે પેલા પ્રશ્ન પૂછનાર ભાઈને મેં આ પ્રમાણે બધી વાત કરી. આ એક કાયદો છે. દેહાંત પછીના જન્મની વચ્ચેનો ટ્રાન્ઝિશન પિરિયડ-વચગાળાનો સમય ઘણો બધો લાંબો હોય છે. **એક કાયદો છે કે આપણો જીવ શરીર છોડી જાય ત્યારે જે પ્લેસ ઑફ એટેચમેન્ટ-આસક્તિવાળું સ્થાન હોય ત્યાં એ રહ્યા કરે છે.** તેર દિવસ સુધી તો એ સ્થળના તથા આપણા પરિચયો સાથે રહે છે. એ અનુભવની વાત છે. પ્રયોગાત્મક છે. તેર દિવસ પછી એ પિંડ વહેરે છે. એવી ક્રિયા આવે છે. વિધિ કરવાની હોય છે. તે પિંડ વહેરે ત્યાર પછી સંબંધ ઓછો થતો જાય. એમ ઓછો થતો થતો વર્ષ સુધી કેટલાકને તો આ પૃથ્વી સાથેનો સંબંધ રહે. **વર્ષ પછી સમૂળગો ભુસાઈ જાય, પણ વર્ષ સુધી તો રહે, રહે ને રહે જ.** જીવદશાવાળાનો સંબંધ પછી ભુસાઈ જાય. ત્યારે એ વચગાળાનો સમય પણ આવા લોકોના સંબંધને લીધે ઘટી જતો રહે અને એટલું જ નહિ, એના બીજા જન્મમાં એની ઊર્ધ્વગતિ થાય છે. પેલા જન્મમાં તો ના થાય, કારણ કે એને મળેલા જુદા જુદા સંસ્કારોનું પ્રબળપણું એટલું હોય છે અને આ સંસ્કારોનું એટલું પ્રબળપણું જાગેલું હોતું નથી, એ નવા સંસ્કાર બીજા જન્મમાં જાગે છે. આ બે ફાયદા એને મેં કહ્યા.

'શેષવિશેષ', પ્ર. આ., પૃ. ૬૬ ❑

## 'હરિવાણી ટ્રસ્ટ'ને મળેલ દાન-ભેટ

-સંપાદક

| ક્રમ | સર્વેશ્રી નામ | ગામ | રકમ રૂ. |
|---|---|---|---|
| ૧. | સદ્ગત માતુશ્રી સવિતાબહેન ઇંદ્રવદન લેખડીઆના સ્મરણાર્થે હસ્તે લેખડીઆ ચેરિટેબલ ટ્રસ્ટ, એપ્રિલ '૧૪ના અંકમાંના ઉલ્લેખ મુજબ | અમદાવાદ | ૨૧,૦૦૦/- |
| ૨. | શ્રી ચંદ્રમણિબહેન ચંદુલાલ પટેલ જન્મદિન (૧૦-૬) નિમિત્તે હાલ અમેરિકા | નડિયાદ | ૬,૦૦૦/- |
| ૩. | એક સ્વજન | સુરત | ૫,૦૦૧/- |
| ૪. | શ્રી જગદીશચંદ્ર સી. મારફતિયા | મુંબઈ | ૨,૫૦૦/- |
| ૫. | એક સ્વજનના પુત્રનાં લગ્ન નિમિત્તે | નરોડા | ૨,૫૦૦/- |
| ૬. | શશિકાંત છોટાલાલ શાહ (ધનસુરાવાળા) | અમદાવાદ | ૨,૦૦૦/- |
| ૭. | ત્રિશા જિગર અને ધ્યેય જિગરના જન્મદિન નિમિત્તે હસ્તે નિરંજનભાઈ એન. શુકલ | અમદાવાદ | ૧,૦૦૨/- |
| ૮. | રંજનબહેન દોલતસિંહ સોલંકી | મેલા, જિ. ભરૂચ | ૧,૦૦૧/- |
| ૯. | ઈશ્વરભાઈ મગનભાઈ પટેલ | અમદાવાદ | ૧,૦૦૦/- |
| ૧૦. | ઠાકોરદાસ છોટાલાલ લાપસીવાળા | સુરત | ૫૦૦/- |
| ૧૧. | દર્શનાબહેન કાપડીઆ | સુરત | ૨૫૦/- |
| ૧૨. | નવીનચંદ્ર ઓચ્છવલાલ કડકીયા | વડોદરા | ૧૫૦/- |
| ૧૩. | એક સ્વજન | અમદાવાદ | ૧૫૦/- |

**આ સર્વેના અમો ખૂબ ખૂબ આભારી છીએ.**

# (૯) દૃષ્ટાંત કથા

સ્વામી પ્રકાશાનંદજી

**(૧) જ્ઞાનપ્રાપ્તિ માટે ગૃહસ્થાશ્રમ કે સંન્યાસાશ્રમ ?**

આશરે ત્રણસો વર્ષ પૂર્વે દ્રવિડ દેશમાં તિરુવલ્લુવનયાર નામના એક પ્રસિદ્ધ મહાત્મા થઈ ગયા. તેમનાં માતાપિતા બ્રાહ્મણ હતાં. તેઓ બંને ધર્મનિષ્ઠ હતાં. વળી, સ્ત્રી તો આદર્શ પતિવ્રતા હતી. કોઈ એક સમયે પતિપત્ની યાત્રાએ નીકળ્યાં. તે વખતે તેની પત્ની સગર્ભા હોવાથી યાત્રામાં જ તેને પુત્રનો પ્રસવ થયો. એ પુત્ર ઘણો જ સુંદર હતો, છતાં તેના નિર્મોહી પિતાને તેના તરફ મમત્વ ઉત્પન્ન ન થયું. એણે પત્નીને કહ્યું, 'એ જેનો છે તે તેને સંભાળશે. આપણે યાત્રામાં તેને સાથે ફેરવવાની જરૂર નથી. અહીં જ છોડી દો.'

પતિવ્રતા સ્ત્રીએ પુત્ર સંબંધી કંઈ પણ ફિકર ન કરતાં તે જ વખતે નિર્જન સ્થળે તેને ત્યજી દીધો. બંને યાત્રામાં આગળ વધ્યાં.

પાછળથી કોઈ એક ઢેડ ગરોડો ત્યાં પાંદડાં એકઠાં કરવા આવી પહોંચ્યો અને આવા સુંદર બાળકને જોઈ તેના મનમાં આનંદનો પાર ન રહ્યો. પોતે અપુત્ર હોવાથી 'આ પુત્ર પ્રભુએ જ આપ્યો એમ માનીને તેણે તથા તેની પત્નીએ તેનું લાલનપાલન કરવા માંડ્યું અને તિરુવલ્લુવનયનાર એવું નામ આપ્યું. તે યોગભ્રષ્ટ હોવાથી જન્મથી જ સંસ્કારી દેખાવા લાગ્યો. યોગ્ય વયે તો તેના જ્ઞાનનું શું કહેવું? તેનાં લગ્ન થયાં અને તે વણકરનું કામ કરી નિર્દોષ આજીવિકા ચલાવવા લાગ્યાં. તેમને સ્ત્રી પણ એવી જ પતિવ્રતા મળી હતી. એમના માહાત્મ્યની કથાથી આજુબાજુ શહેરમાં રહેનાર લોકો માહિતગાર થયા અને તેમની પ્રસિદ્ધિ દિવસે દિવસે વધવા લાગી.

એક વખત બાજુના શહેરમાંથી બેચાર ગૃહસ્થો પોતાની શંકાનું નિવારણ કરાવવા સત્સંગ અર્થે ત્યાં આવી ચડ્યા. તેમના આવ્યા પહેલાં મહાત્માએ યોગી હોવાથી તેમના આવવાનું કારણ અગાઉથી જાણી લીધું હતું. તેથી તેઓ આવ્યા કે તરત જ તેમણે પોતાની સ્ત્રીને આજ્ઞા કરી કે 'દોરો તૂટી ગયો છે માટે સાંધવા (દિવસનું અજવાળું હોવા છતાં) દીવો લાવો. તે મુજબ સ્ત્રી દીવો લઈ હાજર થઈ. હાથમાં રહેલા દોરાને જોડીને મહાત્માએ તે સ્ત્રીને કહ્યું, 'દીવો લઈ જાઓ.' સ્ત્રીએ પતિની આજ્ઞા મુજબ કર્યું.

આવેલા ગૃહસ્થોએ પ્રણામ કરી પૂછ્યું, 'જ્ઞાન માટે ગૃહસ્થાશ્રમ યોગ્ય છે કે સંન્યાસાશ્રમ ?' ત્યારે મહાત્માએ કહ્યું, 'તમારી શંકાનું સમાધાન થઈ ગયું તે ન જોયું ? મારી સ્ત્રી, દીવો લઈને આવી અને પાછો તે લઈ ગઈ તે ?'

ગૃહસ્થોએ કહ્યું, 'સ્પષ્ટપણે જણાવો.' ત્યારે મહાત્મા બોલ્યા, **'આવી પતિવ્રતા સ્ત્રી હોય તો ગૃહસ્થાશ્રમમાં પણ સુખે જ્ઞાન મેળવી શકાય** અને જો કોઈ અજ્ઞાની સ્ત્રી હોય તો આમ ધોળે દિવસે દીવો મંગાવતાં કહે કે, 'શું તમે આંધળા છો કે રાત દિવસમાં પણ સમજતા નથી ? પણ મારી આજ્ઞાને વેદવાક્ય માનીને દીવો લઈ હાજર થઈ. જેને આવી સ્ત્રી હોય તેને ગૃહસ્થાશ્રમમાં જ્ઞાન મેળવવાની અનુકૂળતા પ્રાપ્ત થઈ શકે છે. બાકીનાઓને તો સંન્યાસાશ્રમ જ જ્ઞાન મેળવવા યોગ્ય હોઈ શકે.'

આ પ્રમાણે ગુરુશ્રીનો ગૃહસ્થાશ્રમ પણ ઉત્તમ પ્રકારનો હતો.

## (૨) મમત્વ દુઃખનું કારણ

એક વકીલનો એકનો એક યુવાન અને વિદ્વાન દીકરો ગુજરી ગયો. તે ઉપરથી તેને એટલી બધી દિલગીરી વ્યાપી ગઈ કે તેને ચિત્તભ્રમ જેવું થઈ ગયું. તેણે કામધંધો છોડી દીધો. કેટલાક મિત્રો એના મનની શાંતિ થશે એમ ધારી તેને ગુરુશ્રી પાસે એક રવિવારની સાંજે લઈ આવ્યા. હું પણ તે વખતે ત્યાં હતો. ગુરુશ્રી તેને કહેવા લાગ્યા :-

'આ તમારું શરીર તમારું પોતાનું નથી તો તેનાથી ઉત્પન્ન થયેલું બીજું શરીર તમારું શી રીતે કહેવાય? આ શરીર દ્વારા પુત્ર થયો છે તેથી તે મારો છે એવી તમે મમતા ધારણ કરો છો. તેને લીધે દુઃખ છે. પણ તમારા જ શરીરથી પ્રસ્વેદ દ્વારા ઘણાં જંતુઓ પેદા થાય છે અને મરી જાય છે, ત્યારે તમને કંઈ સંતાપ થતો નથી એનું કારણ એ છે કે એ જંતુ આદિ મારાં છે એવી મતતા તમે રાખતા નથી. વસ્તુતઃ પુત્ર તથા જંતુઓ બંને તમારા શરીરથી ઉત્પન્ન થયાં છે. પણ એકના સંબંધમાં તમે મમતા ધારણ કરો છો અને બીજાના સંબંધમાં તેમ કરતા નથી. માટે **મમત્વ એ જ દુઃખનું કારણ છે. એ મૂકી દો એટલે સંતાપથી મુક્ત થશો.**'

આપણા ઘરમાં પાળેલો પોપટ હોય અને તેને બિલાડી પકડી લે તો આપણને દુઃખ થાય છે કેમ કે તેનામાં આપણી મમતા છે. પણ ઘરમાંના ઉંદરને બિલાડી પકડે તો દુઃખ ન થાય.

વળી, તમારો પુત્ર તમારા માનવા પ્રમાણે મરી ગયો છે એમ માનીએ તોપણ તમારે શોક કરવો ઉચિત નથી. કારણ કે તે મૂઓ શાનો ? તે તો 'પાછો' થયો. તમારે ત્યાં હતો તેના કરતાં વધારે સુખમાં એ હશે. સંસારવ્યવહારમાં તમારે ઘણા પુત્ર થઈ ગયા. અને તેને તમારા જેવા ઘણા પિતા થઈ ગયા.

ગુરુશ્રીએ આટલું કહ્યા પછી યોગમાંથી પુણ્ય-પાવનનું આખ્યાન કહ્યું.

જંબુદ્વીપમાં મહેન્દ્ર પર્વત ઉપર એક ઝરાના કિનારે રમ્ય આશ્રમમાં મુનિ દીર્ઘતપા પોતાની સ્ત્રી સાથે રહેતાં હતાં. તેમને બે પુત્ર હતા. મોટો પુણ્ય જ્ઞાનવાળો હતો અને નાનો પાવન તે કંઈક અધૂરો હતો. વૃદ્ધાવસ્થામાં મુનિશ્રીનું શરીર પડ્યું એટલે તેમનાં સ્ત્રી પણ યોગ દ્વારા પોતાનું શરીર છોડી સ્વામીની સાથે ભળી ગયાં.

હવે નાનો પુત્ર પાવન માતાપિતાના વિયોગથી ઘણો શોક કરવા લાગ્યો ત્યારે મોટો પુત્ર પુણ્ય તેની પાસે આવીને કહેવા લાગ્યો : 'ભાઈ પાવન, શોક કેમ કરે છે ? આપણાં માતાપિતા આત્મપદને પામ્યાં છે. તેઓ પોતાના સ્વરૂપને પ્રાપ્ત થયાં છે. તો જેને માટે શોક કરવો યોગ્ય નથી તેને માટે તું શોક કરે છે. તું કોઈનો પુત્ર નથી અને તારે કોઈ પિતા નથી. આજ સુધીમાં તારાં કેટલાંય માતાપિતા થઈ ગયાં હશે અને તું કેટલાંનોય પુત્ર થયો હોઈશ. જેમ ઋતુએ ઋતુએ વૃક્ષોને ફળ આવે છે અને નષ્ટ થાય છે, તેમ જન્મ અને મરણ થયાં કરે છે. તારા અગાઉનાં જન્મોમાં થઈ ગયેલાં અસંખ્યાત માતાપિતાનો શોક કેમ કરતો નથી.

'ધર્માલાપ', ત્રીજી આ., પૃ. ૧૮-૧૯ ❑

॥ હરિઃૐ ॥
(અનુષ્ટુપ)

**સંસાર ને સગાંવહાલાં**
**આજ છે, કાલ તે નથી,**
**અનિત્ય તેથી સંસાર**
**નિત્ય તો હરિમાત્ર છે.**
**-શ્રીમોટા**

# (૧૦) ચિંતન કણિકા

પંન્યાસ મહાબોધિવિજય

### (૧) જીભ :

ખારો, ખાટો, તૂરો, કડવો, મીઠો કે તીખો એવા ષડ્રસને ચાખનારી જીભ આ છએ રસને પુનઃ બહાર પ્રગટ કરી બીજાને ચખાવી શકે છે : ૧. સારું બોલનારની જીભ મીઠી છે. ૨. વક્રોક્તિ કે વ્યંગમાં બોલનારની જીભ ખારી છે. ૩. ઈર્ષ્યા, મત્સર કે અસત્ય પ્રગટ કરનારની વાણી, તેની જીભ કડવી ઝેર જેવી છે. ૪. ક્રોધમાં બોલતી જીભ તીખી હોય છે. ૫. નીરસ વાત કરનારની જીભ તુરી હોય છે. ૬. ઈચ્છિત વસ્તુ ન મળે ત્યારે દ્રાક્ષ ખાટી છે, એવું ખોટું આશ્વાસન આપનાર પણ જીભ છે. ક્યારેક જીભનો ઉપયોગ અસ્થાને થવાથી તે રસીલી વાતને ફીકી બનાવી દે છે.

### (૨) દુઃખના ચાર પ્રકાર :

**૧. કલ્પનાજનિત :** મને કેન્સર તો નહિ થાયને ? મને એક્સીડન્ટ તો નહિ થાયને ? આવી અનેક કલ્પનાઓ કરીને માણસ દુઃખી થતો હોય છે.

**૨. અભાવજનિત :** બીજાની પાસે જે વસ્તુ હોય તે પોતાની પાસે ન હોય અથવા તો એનાથી ઊતરતી હોય તો માણસ દુઃખી થઈ જતો હોય છે. આવા અભાવજન્ય દુઃખનાં મૂળમાં બીનજરૂરી કમ્પેરીઝન-તુલના કરવાનો સ્વભાવ હોય છે.

**૩. વિયોગજનિત :** પત્નીવિયોગ, પુત્રવિયોગ, પદવિયોગ, ધનવિયોગ વગેરે કારણે થતાં દુઃખનું કારણ આસક્તિ હોય છે.

**૪. પરિસ્થિતિજનિત :** શરીરમાં રોગ થવો, પાર્ટીમાં પૈસા ફસાઈ જવા, મિત્રએ દગો કર્યો, આવા પરિસ્થિતિવશ દુઃખનાં કારણો હોય છે.

### (૩) નમ્રતા :

પદ આવે એટલે એની સાથે મદ પણ આવે. પદ અને મદ જાણે કે જોડિયા ભાઈ. પદ આવે છતાં મદ ન આવે એવું જવલ્લે જોવા મળે. ચીની તત્ત્વચિંતક કોન્ફ્યુશિયસનું કથન છે કે બધા જ સદ્ગુણો વિનમ્રતાના પાયા ઉપર ઊભા છે. વિનય એકડો બીજા ગુણો મીંડા જેવા છે. વિનય પાયો છે. બાકીના ગુણો એના ઉપરની ઇમારત છે. જ્હોન રસ્કિનનું કહેવું છે કે મહાન માનવીની પ્રથમ કસોટી વિનમ્રતા છે.

### (૪) સમભાવ :

સાગર નદીનો સમભાવે સ્વીકાર કરે છે. વાદળ રણપ્રદેશ કે જળપ્રદેશ-બંને તરફ સમભાવથી વર્તે છે. સજ્જન કે દુર્જન-છાંયડો આપનાર વૃક્ષને સર્વ પ્રત્યે સમભાવ છે. ગરીબ કે તવંગર સહુને સરખો પ્રકાશ સૂર્ય આપે છે. માણસે સુખી રહેવા માટે પક્ષપાતથી મુક્ત રહેવું જોઈએ.

### (૫) દોડો નહિ, છોડો :

આજના માનવીની પ્રકૃતિ સુખી થવાને બદલે દુઃખી થવા પર વિશેષ હોય છે. માણસ શાંતિથી જીવી શકે એટલી બધી સામગ્રી હોવા છતાં બીજાની ઈર્ષ્યા, તુલના, સ્પર્ધાના કારણે દુઃખી થાય છે. સંપૂર્ણ સુખી થવાનો એક જ રસ્તો છે. દોડો નહિ પણ છોડો. સ્વામી રામકૃષ્ણ એક સુંદર દૃષ્ટાંત આપતા. એક સમળીની પાછળ બીજી સમડી પડી હતી. કંટાળીને એણે પોતાની ચાંચમાં રહેલો ટુકડો નીચે ફેંકી દીધો. એ જ ક્ષણે બીજી સમડીએ બીજી દિશામાં જવા માંડ્યું.

સમળીની વાત વાંચીને કે સાંભળીને હાલનો માનવી કશું શીખવા ઇચ્છતો નથી.

'એ-૧, ડાયરી', પ્ર. આ., માંથી સાભાર ❑

# (૧૧) વિચારોની સાંકળ ના જોડો

**શ્રીમોટા**

આપણને કર્મ કરવાના સમયના બાકીના વખતમાં અલેલટપ્પુ વિચારો એની સાંકળો જોડે છે. તેના આપણે વીટનેસ-સાક્ષી થાઓ અને અભ્યાસ કરો. એ થયા પછીથી બીજું પગથિયું આવે છે કે તમે વિચારોની સાંકળો ના જોડો એટલે એટલી તટસ્થતા આપણામાં આવે છે. વિચારોની સાંકળોમાં તમે ભેરવાઈ ના જાવ એટલે તમે પ્રકૃતિથી એટલા નોખા થયા. આ તો આપણી બુદ્ધિ માને એમ છે.

આપણામાં તટસ્થતાની એક સમજણ વધવા પામે છે ત્યારે આપણે આત્માની-સાક્ષિત્વની પરિસ્થિતિ જન્માવીએ છીએ. અત્યારે ભલે આપણે જીવદશામાં છીએ છતાં બુદ્ધિપૂર્વક વ્યવહારમાં સાક્ષીપણું સક્રિય થાય તેમ કરો.

આ બધું ધીરે ધીરે આવશે. આપણે નવરાં બેઠાં હોઈએ ને મગજ વિચારો કર્યા કરતું હોય તો કહીએ કે ભાઈ, અત્યારે આની જરૂર નથી. મનને ત્યારે સમજાવવું પડશે કે અત્યારે આ તું વિચાર કરે છે એ યોગ્ય નથી છતાં બહુ જરૂરનાં કામ અંગેના વિચારો આવે તો તેની ડાયરીમાં નોંધ કરી લો. ડાયરી ને પેન્સિલ ગજવામાં જ રાખવી. હું આવું કરતો. નોટડાઉન કરી લેતો. નકામા વિચાર આવશે તો ખરા, સંસ્કાર પડેલા હોય છે એટલે. પણ અત્યારે એ જરૂરના નથી. વિચારોની સાંકળ જોડાય છે એની પણ જરૂર નથી. એમ કરીને, તમે સાક્ષી થયા. આત્માનો ગુણધર્મ સાક્ષી-સાક્ષીપણું છે.

કર્મ સિવાય બાકીના વખતમાં નકામા-અમસ્તા અમસ્તા-વિચારો સ્ફુર્યા જ કરવાના. કોઈને કોઈ ના સ્ફુરે એમ નહિ બને. એ વખતે આપણે એને જોયા કરીએ. એક સ્ટેપ-પછી એમાંથી બીજું સ્ટેપ કે એની સાંકળ ના જોડો. એ પાકું થયા પછી તટસ્થતા આપણામાં સક્રિય બનશે. આ માની લેવાની વાત નથી. વાસ્તવિકતાની વાત છે. તટસ્થતાની સ્થિતિ પાકી થઈ એટલે આપણે કશામાં ભેરવાઈ નહિ પડીએ. પ્રકૃતિના પ્રવાહમાં તણાઈ નહિ જઈએ. એમ થાય એટલે એ એક આત્માના અંશની સ્થિતિ આપણામાં આવી.

એ તટસ્થતામાંથી પછી સમતા આવે છે. સમતા આવી એટલે વિવેક આવે જ. આ બધું આમાંથી પ્રકટે.

સંસ્કારો તો આપણામાં પડેલા જ છે એ લઈને આપણે જન્મ્યાં છીએ એટલે સંસ્કાર સ્ફુરશે તો ખરા જ. પણ એ સ્ફુરે ત્યારે પેલી તટસ્થતા કે સમતાની લાગણી-ભાવના આપણામાં કેળવાયેલી હોવાથી એમાં આપણે ભળી નહિ જઈએ. એક સ્થિતિ એવી થાય છે કે એ સંસ્કારના સ્ફુરણનો ઈન્કાર કરી શકે છે. એનો ઈન્કાર કરો એટલે એ અટકે જ. એવી સરળતાવાળી પરિસ્થિતિ એમાંથી એનામાં જાગ્રત થાય છે.

વિચારોની સાંકળ નહિ જોડવાના એક નાનકડા સાધનથી બહુ મોટું પરિણામ એનામાં નીપજે છે.

'શેષવિશેષ', પ્ર. આ., પૃ. ૩૯ ❏

॥ હરિઃૐ ॥

(અનુષ્ટુપ)

**હરિનું નામ હૈયે છે,**
**તેને તો હરિ તારશે.**

તા.૨૫-૧૨-૧૯૭૫ **-શ્રીમોટા**

# (૧૨) સ્વપ્નકથા કથન

**હેમાડ પંત**

કાશી-બનારસ તીર્થની યાત્રા પર એક રામદાસી પંથની મદ્રાસી ભજનમંડળી સને ૧૯૧૬માં નીકળી હતી. તેમાં પતિપત્ની તથા પુત્ર-પુત્રવધૂ એમ ચાર માણસ હતાં, જેમનાં નામ નોંધેલાં મળતાં નથી. તેમણે કાશી જતાં માર્ગમાં સાંભળ્યું કે અહમદનગર જિલ્લામાં કોપરગામ તાલુકામાં શીરડી ગામમાં સાંઈબાબા નામે એક મોટા સંત રહે છે. તે શાંત, વૈરાગ્યવાન અને ઉદાર છે. પોતાના ભક્તોને તેમ જ કળા બતાવનારા કળાવંતોને નિત્ય દાનમાં સારા પૈસા વહેંચે છે. સાંઈબાબા પાસે દક્ષિણાના રૂપમાં નિત્ય ઘણા પૈસા ભેગા થતા. જેમાંથી ભક્ત કોંડાજીની પુત્રી અમાનીને એક રૂપિયો, કોઈને બેથી પાંચ રૂપિયા, જમાલીને છ રૂપિયા, અમાનીની માને દસથી વીસ રૂપિયા સુધી અને કોઈવાર પચાસ રૂપિયા સુધી તથા બીજા ભક્તોને પોતાની ઈચ્છાનુસાર બાબા નિત્ય દાન આપતા હતા. આ મંડળી ભજન બહુ સારાં કરતી. તેનું સંગીત બહુ મધુર હતું. પણ અંદરખાનેથી તેને પૈસાનો લોભ હતો. આમાંથી ત્રણ જણા લોભી હતા. પણ મુખ્ય બાઈ જુદા સ્વભાવની હતી. બાબા પર તેને સાચાં માન-પ્રેમ હતાં. એકવાર બપોરે બાબાની આરતી ચાલતી હતી ત્યારે એ બાઈની શ્રદ્ધા-ભક્તિથી બાબાએ રાજી થઈને તેના ઈષ્ટદેવ-સીતાનાથ રામરૂપે દર્શન આપ્યાં. તેને બાબા રામરૂપે દેખાતા હતા ત્યારે બીજા બધાને સાંઈનાથ રૂપે નજરે પડતા હતા. ઈષ્ટદેવનાં દર્શન કરી બાઈ બહુ રાજી થઈ અને આંખમાંથી અશ્રુપ્રવાહ વહેવા લાગ્યો તથા આનંદમાં તાળીઓ પાડવા લાગી. એ બાઈને આટલી આનંદમાં આવેલી જોઈ બધા આશ્ચર્ય પામ્યા. પણ તેનું કારણ કોઈ સમજી શક્યું નહિ. બપોરે બાઈએ પોતાને થયેલ ઈષ્ટ દર્શનની તથા બાબાનું શ્રીરામ રૂપે કેવું દર્શન થયેલું તેની વાત પતિને કહી બતાવી. પણ તેણે તો માન્યું કે બાઈ બહુ ભોળી હોવાથી રામદર્શનની તેની ભ્રમણા જ હોવી જોઈએ. એથી ધુત્કારીને તેણે કહ્યું, 'બધાંને સાંઈબાબાનાં દર્શન થતાં હતાં અને તને એકલીને રામદર્શન થાય એ સંભવિત જ નથી.' બાઈએ આ ટીકાનો કંઈ જવાબ ન આપ્યો. તેની શાંત, નિર્લોભી, નિશ્ચળ માનસિક સ્થિતિને લીધે સુભાગ્યે આવાં દર્શન તેને ઘણીવાર થતાં હતાં.

એવામાં એકવાર એ બાઈના ધણીને અજબ દર્શન થયું. જાણે તે એક મોટા શહેરમાં છે અને પોલીસે તેને પકડ્યો છે તથા દોરડાથી હાથ બાંધી એક પાંજરામાં પૂર્યો છે. તેને બાંધતાં હતા તેવામાં પાંજરા નજીક શાંત ઊભેલા સાંઈબાબાને તેણે દેખ્યા. બાબા પાસે આવીને દર્દભર્યા અવાજે તેણે બાબાને કહ્યું, 'આપનું મોટું નામ સાંભળીને હું આપને શરણે આવ્યો છું. આમ અહીં ઊભા છો છતાં મારા પર આ વિપત્તિ કેમ આવી પડી છે ?' બાબા બોલ્યા, 'તારે તારાં કર્મનાં ફળ ભોગવવાનાં છે.' એટલે પેલાએ કહ્યું, 'આવું સંકટ આવે તેવું કોઈ પાપ મેં કર્યું નથી.' બાબાએ કહ્યું, 'આ જન્મમાં નહિ, તો પૂર્વ જન્મમાં તેં એ પાપ કર્યું હશે.' તેણે ઉત્તર દીધો, 'પૂર્વ જન્મની કોઈ વાતની મને ખબર જ નથી. વળી, માનો કે મેં તે વખતે કોઈ પાપ કર્યું હશે તોપણ આપની હાજરીમાં એ પાપ સૂકા ઘાસની માફક બળીને નષ્ટ કેમ ન થાય ?' ત્યારે બાબાએ તેને પૂછ્યું, ''તને એવી શ્રદ્ધા છે ? પેલાએ હા પાડી. એટલે બાબાએ તેને આંખો બંધ કરવાની આજ્ઞા આપી. આંખો બંધ કરતાં જ જાણે કોઈનો

નીચે પડી ગયાનો ધડાકો તેણે સાંભળ્યો. આંખો ઉઘાડતાં તેણે પોતાને છૂટો જોયો અને પેલો ધડાકો પોલીસના પકડવાનો હતો, તેના બરડામાંથી લોહી નીકળતું હતું. એથી ડરીને તે બાબા સામે જોવા લાગ્યો. એટલે બાબા બોલ્યા, 'હવે તું ઠીક સપડાયો. અમલદારો આવીને તને પકડશે.' એથી તે કરગરવા લાગ્યો, 'આપના વિના મારું કોઈ તારણહાર નથી. ગમે તેમ કરીન આપ મને બચાવો.' પુનઃ બાબાએ તેને આંખો મીંચી જવા ફરમાવ્યું. તેણે આંખો મીંચીને જેવી ઉઘાડી તેવો જ પોતે પાંજરામાંથી છૂટો થયો હતો. બાજુમાં બાબા ઊભા હતા. તેને તે પગે પડ્યો. બાબાએ પૂછ્યું, 'તારા આ નમસ્કાર અને અગાઉના નમસ્કાર એ બેમાં શું ફેર છે ? બરાબર વિચાર કરીને ઉત્તર દેજે.' પેલાએ કહ્યું, 'તેમાં તો ઘણો ફેર છે. અગાઉના નમસ્કાર આપની પાસેથી ધન મેળવવા સારુ જ હતા. પણ મારા આ નમસ્કાર તો હું આપને પ્રભુ ગણીને કરું છું. અગાઉ હું એમ માનતો હતો કે આપ મુસલમાન થઈને અમને વટલાવો છો.' વળી, બાબાએ પૂછ્યું, 'મુસ્લિમ દેવ પર તને આસ્થા નથી ?' તેણે કહ્યું, 'ના.' બાબાએ પૂછ્યું, 'તારા ઘરમાં તેં પંજો નથી રાખ્યો ? મોહરમમાં તું તાબૂતની પૂજા નથી કરતો ? તારા કુટુંબમાં લગ્ન તથા એવા શુભ પ્રસંગે કાઠબીબી નામે મુસ્લિમ દેવીનું પૂજન-અર્ચન નથી થતું ? એ સર્વ શું છે ?' તેણે આ બધું કબૂલ કર્યું. એટલે બાબા બોલ્યા, 'આથી વધુ તારે શું જોઈએ છે ?' પછી તેના મનમાં ગુરુ રામદાસનાં દર્શનની ઈચ્છા જાગી. બાબાએ તેને પાછળ ફરી જઈને જોવાની આજ્ઞા કરી. જેવું તેણે પીઠ પાછળ જોયું, તેવા જ તેણે સમર્થ રામદાસને જોયા. પણ તેમનાં ચરણમાં તે પડવા જતો હતો ત્યાં જ રામદાસ અલોપ થયા, પછી આતુર બની તેણે બાબાને પૂછ્યું, 'આપ ખૂબ વૃદ્ધ લાગો છો. આપનું વય કેટલું હશે ?' બાબાએ કહ્યું, 'શું તું એમ કહે છે કે હું વૃદ્ધ થયો છું ? મારી જોડે હોડ બકીને પારખું કર.' એટલું બોલી બાબા દોડવા લાગ્યા. અને તે તેની પાછળ દોડ્યો. બાબા તો દોડતા રહ્યા. તેમના પગલાંની ઊડતી ધૂળમાં તે દેખાતા બંધ થયા અને આ માણસ ઊંઘમાંથી જાગી ગયો.

ઊઠ્યા પછી આ સ્વપ્ન દર્શન પર તે વિચાર કરવા લાગ્યો. તેનું માનસિક વલણ સાવ બદલાઈ ગયું હતું. બાબાની મહત્તા તે બરાબર સમજ્યો. તેની શંકાશીલ મનોવૃત્તિ મટી ગઈ અને અંતરમાં બાબાનાં ચરણની સાચી ભક્તિ ઉદય પામી. આ દર્શન તો માત્ર સ્વપ્ન જ હતું. પણ તેમાં થયેલા પ્રશ્નોત્તર રસદાયક અને સૂચક હતા. બીજે દહાડે બીજા જોડે આરતી માટે તે મસીદમાં આવ્યો ત્યારે બાબાએ તેને બે રૂપિયાની મીઠાઈ મંગાવીને પ્રસાદ આપ્યો. તથા બે રૂપિયા રોકડા તેના હાથમાં મૂક્યા અને આશીર્વાદ આપતા બાબા બોલ્યા, 'અલ્લા તને ઘણું આપશે. પ્રભુ તારું કલ્યાણ કરશે.' તેને દાનમાં બહુ પૈસા તો ન મળ્યા. પણ બાબાના અમૂલ્ય આશીર્વાદથી તેની સ્થિતિ બહુ સારી થઈ. એ પછી એ મંડળીને ધન પણ સારું મળ્યું. અને યાત્રામાં કશી અગવડ પડી નહિ. યાત્રા પૂરી થઈ અને બાબાના આશીર્વચન યાદ કરતાં તેઓ ઘેર સાજાંતાજાં પહોંચી ગયા. અને આનંદથી રહેવા લાગ્યા. બાબા ભક્તોને સુધારી સુમાર્ગે ચડાવતા અને સમાધિ પછી પણ અનેક ભક્તોને સન્માર્ગે ચડાવે છે. તેનું જ દૃષ્ટાંત આ કથામાં પ્રત્યક્ષ આપ્યું છે.

'શ્રીસાંઈ સચ્ચરિત્ર : મરાઠીમાં ગ્રંથકર્તા-હેમાડપંત',
અનુવાદક : રેવાશંકર સોમપુરા, પાંચમી આ., પૃ. ૨૨૨ ❑

# (૧૩) માળા અને કંઠી

**શ્રી પાંડુરંગ આઠવલે**

માનવી સમજણપૂર્વક માળા ફેરવે તો તે માનવને ભવાટવીના ફેરામાંથી મુક્ત કરે છે. માળાના મણકે મણકે અંતઃકરણપૂર્વક ઈશસ્મરણ કરવું જોઈએ. બાકી તો કબીરજીએ કહ્યું છે તેમ હાથમાં માળા ફરતી હોય, મુખમાં જીભ ફરતી હોય અને મન ચારે દિશામાં ફરતું હોય તો એને સુમિરન નહિ કહી શકાય.

મહર્ષિ પતંજલિએ યોગદર્શનમાં કહ્યું છે કે માળા દ્વારા સ્મરણ સમજણપૂર્વક થાય તો જ તે સાર્થક જપ ગણાય. રામ, કૃષ્ણ, શંકર-જેનો જપ કરીએ તેની તનુમૂર્તિ તેમ જ ગુણમૂર્તિ સતત માનસપટ પર સ્થિર રહેવી જોઈએ. 'મારે પણ એ આરાધ્ય દેવ જેવા થવું છે' એવી ભાવના જપ કરતી વખતે મનમાં રહેવી જોઈએ.

માળામાં મણકાની સંખ્યા ૧૦૮ છે તે પણ સૂચક છે. માણસે શ્વાસે શ્વાસે પ્રભુનામ લેવું જોઈએ. એક દિવસમાં લગભગ ૨૧,૬૦૦ શ્વાસ માણસ લેતો હોય છે એવો અંદાજ છે. તેમાંથી રાત્રિના અડધા બાદ કરતાં બાકી ૧૦,૮૦૦ વખત ભગવાનનું નામ લેવું જોઈએ પણ જો હૃદયપૂર્વક એક વખત નામ લેવાય તો એ ૧૦૦ વખત નામ લીધાની ગરજ સારે છે. આ રીતે ખરા હૃદયથી માનવી એક માળા ફેરવે તો તેણે શ્વાસે શ્વાસે પ્રભુનામ લીધું એમ ગણી શકાય.

વિશ્વનિયંતા ભગવાને આ માનવી દેહ નિર્માણ કર્યો છે. મન, બુદ્ધિ, કર્તૃત્વશક્તિ અને ઇચ્છાશક્તિ પણ ઈશ્વરની જ દેણ છે-ભેટ છે. આ દેહના અણુએ અણુમાં એ વ્યાપ્ત થઈને રહ્યો છે. આ દેહનો માલિક ભગવાન છે. ચલાવનાર અને નિયંતા પણ ભગવાન છે. આપણું શરીર એ ખેતર છે અને ભગવાન એનો માલિક છે. **આ દેહથી જે કાર્ય થાય તે પ્રભુપ્રીત્યર્થે થવું જોઈએ.**

ભગવાન કૃષ્ણે ગીતામાં અર્જુનને પણ આ જ ઉપદેશ આપ્યો છે કે તું નિમિત્તમાત્ર બન. માનવે આવા ભાવથી જ જીવવું રહે એટલે પાપપુણ્યનાં બંધન રહેશે નહિ.

આપણે ત્યાં એક પ્રણાલિકા છે. બ્રાહ્મણને દક્ષિણા આપવાની હોય ત્યારે તેના પર તુલસીપત્ર મૂકીને કૃષ્ણાર્પણ કરીએ છીએ. ભગવાનને ધરવાના 'ભોગ' અને 'જળ'માં પણ તુલસીદળ મૂકીએ છીએ. ભગવાન આ મારું નથી પણ તારું છે. ભગવાનને અર્પણ કરેલું આપણે પ્રસાદ તરીકે સ્વીકારીએ છીએ.

તુલસીની કંઠી એ ભગવદ્ભક્તિનું તેમ જ દેહ ભગવાનને સમર્પિત છે એનું સર્વોચ્ચ પ્રતીક છે. પ્રાતઃકાળે પ્રારંભમાં એ કંઠી યાદ અપાવે છે કે આ દેહ ઉપર તુલસીની કંઠી છે તેથી તે ભગવદ્ અર્પિત થયો છે તેથી દિવસ દરમિયાન જે કંઈ પણ થાય તે ભગવદ્ પ્રીત્યર્થે થવું રહે. પ્રત્યેક કૃતિની સાથે ભગવાનને યાદ કરવા અને એનું ચિંતન કરવું એ ભાવ કંઠી વ્યક્ત કરે છે. જોકે આજે તો કંઠી પાછળનો સુમધુર ભાવ ચીમળાઈ ગયો છે અને એ માત્ર સંપ્રદાયની છાપ પૂરતી કુંઠિત થઈ ગઈ છે.

શ્રીમદ્ વલ્લભાચાર્યનો પુષ્ટિમાર્ગ અને સહજાનંદ સ્વામીનો સ્વામીનારાયણ-એ બંને મહાન સંપ્રદાયો કંઠીની દીક્ષા આપે છે. ભગવાનને સમર્પિત થા-તેને તારો સ્વામી બનાવ-તને ગમે તે રીતે નહિ પણ સ્વામીને-ભગવાનને રુચે એ પ્રમાણે જીવન જીવવાનું. **સમર્પિત જીવન જીવવાની દીક્ષા એટલે કંઠી.**

માળા જેમ સમજીને ભાવથી ફેરવાય તેમ જીવનની દીક્ષા સમી કંઠી સમજીને ધારણ કરાય તો ધારણ કરનારનું જીવન કૃતકૃત્ય બને.

'સંસ્કૃતિ પૂજન', ૨૧મી આ., પૃ. ૨૬૫ ❑

## (૧૪) કર્મની કચાશ નામસ્મરણથી દૂર થશે

વિનોબા

ભક્તો, સંતો, વૈષ્ણવો, શૈવો અને અન્ય ઉપાસકોએ નામસ્મરણનો મહિમા ગાયો છે. પરંતુ સામ્યસૂત્રના **'નામ્ના સાદગુણ્યમ્'** સૂત્રમાં તેની એક વિશેષ રૂપે વાત બતાવી છે. પહેલા સૂત્રમાં બતાવ્યું છે કે નામ વડે સાદ્‌ગુણ્ય થાય છે. 'સાદ્‌ગુણ્ય' શબ્દ 'વૈગુણ્ય'નો વિરોધી છે. વૈગુણ્યનો અર્થ થાય છે વિગુણતા, ન્યૂનતા, કમી, ખામી, ત્રુટિ.

આપણા ચિંતન, આચરણ, પ્રયત્ન અને કર્મયોગમાં અનેક પ્રકારની વિગુણતા, ન્યૂનતા કે કચાશ રહી જાય છે. **તેની પૂર્ણતા નામસ્મરણથી થાય છે.**

માણસ પરિપૂર્ણતા માટે કોશિશ કરે છે પણ તે સધાતો નથી. માણસનો તમામે તમામ પ્રયત્ન ભલેને ગમે તેટલો વિશુદ્ધ હોય તોપણ તે વિગુણ છે. એટલે કે તેમાં ક્યાંક ને ક્યાંક કસર રહી જાય છે. અનવધાન, પ્રમાદ અથવા જ્ઞાનની કમીને કારણે જે ખામી રહી જાય છે તે કર્મયોગમાં બાધક છે.

તમે ખેતરમાં કંઈક વાવો અને વાવણીનાં કામમાં ક્યાંક કચાશ રહી જાય તો તેની અસર ઊપજ પર આવશે. દક્ષતા કે જ્ઞાનની કમી જો રહી જાય તો તેની અસર કર્મ ઉપર આવે છે. તેથી તે કર્મનું ફળ નહિ મળે. આમ, તેમાં વિગુણતા રહે છે. પરમાર્થમાં જે વિગુણતા રહી જાય છે તે નામસ્મરણને લઈને સદ્‌ગુણ થઈ જાય છે.

ભક્તિમાર્ગની આ વિશેષતા છે. તેમાં નામ-પ્રતાપને લઈને કર્મયોગની અપૂર્ણતા પૂર્ણ થઈ જાય છે. કેવળ કર્મયોગથી પૂર્ણ થતી નથી. જ્ઞાનથી તે પૂર્ણ થઈ શકે છે. પરંતુ આપણી પાસે જ્ઞાન તો નથી તેથી અપૂર્ણતા રહી જાય છે. માટે અશરણને નામનું શરણ મળી જાય છે. **નામસ્મરણથી સાધકની આંતરિક સાધના પૂર્ણ બને છે.**

હરિ નામથી આંતરિક અને બાહ્ય બંને સદ્‌ગુણો આવે છે. સામાન્ય રીતે જેવું વાવો તેવું પામો. પરંતુ ભક્તિયોગમાં કર્મવિપાકની પ્રક્રિયાને ખંડિત કરનારું કોઈ પરિબળ રહ્યું છે તેનો અનુભવ ભક્તિ માર્ગમાં થાય છે. આખરે તો ઈશ્વર જ બધું કરે છે. નામસ્મરણમાં એ શ્રદ્ધા છે કે તમે જે પ્રયત્ન કરો છો તેમાં જે કચાશ રહી જાય છે તેની પૂર્તિ ભગવાન કરી દે છે.

નામસ્મરણનું આ બહુ મોટું શાસ્ત્રીય પરિણામ છે. નામસ્મરણનો અર્થ એ છે કે આપણે દરેક કૃતિનો સંબંધ ઈશ્વર સાથે જોડવો. આપણે જે કાંઈ કરીએ તે હરિસેવાના ભાવથી કરીએ.

જ્યારે કર્મયોગમાં ભક્તિ આવે છે ત્યારે ઘણો ફરક પડી જાય છે. આપણું તમામ કામ ખાવું-પીવું, ઊંઘવું-બધું ઈશ્વર સાથે જોડી દેવાં. બાહ્યરૂપે ભલેને તે વ્યાવહારિક જીવન હોય, પરંતુ પરિણામમાં બાહ્યાંતર બંને દિવ્ય જીવન બની જાય છે. એ જ આપણે સાધવાનું છે. માટે આ રીતે સધાઈ જાય તો બહુ મોટી વાત થશે. નામસ્મરણ પ્રક્રિયા અને મહાવાક્ય-ચિંતનની પ્રક્રિયા એ બંનેનો મેં અનુભવ લીધો છે. એક પ્રેમ પર આધારિત છે અને બીજી જ્ઞાન પર. બેઉના બહુ મોટા લાભ છે પરંતુ નામસ્મરણ પ્રક્રિયા સુલભતમ છે. વધુમાં વધુ અને શીઘ્ર પરિણામ લાવનારી છે અને તમામ સાધી શકે તેવી છે.

'ભૂમિપુત્ર', તા. ૧૬-૪-૨૦૧૪ ❑



અમેરિકામાં સ્વજનોનું નામસ્મરણ



**HARIBHAV AUGUST - 2014**

Regd. under RNI No. 65683/96 & Permitted to Post at AHD PSO
on 10th of every month under Postal Reg. No. GAMC/1208 / 2012-2014
issued by SSP AHD valid upto 31-12-2014
Licence to Post without Perpayment of postage No. CPMG/GJ/91/2014
valid upto 31-12-2014



- બોલો થોડું, મનન કરો વધુ.
- અવકાશનો વખત વાતોમાં નહિ પણ જપમાં ને મનમાં ગાળો.
- કાર્યના આરંભમાં, મધ્યમાં અને અંતમાં પરમાત્માને સ્થાપિત કરો.
- રાત્રે સૂતી વખતે કર્મેન્દ્રિયોના અને જ્ઞાનેન્દ્રિયોના ઉપરી તરીકે હિસાબ  માગો. ભૂલો બદલ પોતાને શિક્ષા કરો.

- કવિ શ્રી સાગર

*'દીવાને સાગર'(દફતર બીજું) ત્રીજી આ., પૃ. ૫૮૯ માંથી સાભાર*

Printed and Published by **Prabhudas Jani,** on behalf of ' **HARIWANI TRUST'**
11, Dada Rokadnath Society, Ahmedabad - 380 007.
Printed at **Sahitya Mudranalaya Pvt. Ltd.** Ahmedabad - 380 022.
Phone : 079- 25469101/2
Published at Ahmedabad. Editor : **Prabhudas Jani.**
**E-mail : harivanitrust@yahoo.com**
Designer : Mayur Jani / Mobile : 9428404443 / E-mail : janimj@yahoo.com